



# વાર્ષિક પ્રવૃત્તિ-અહેવાલ


## એપ્રિલ ૨૦૧૬ – માર્ચ ૨૦૧૭






AATAPI આતાપી

આતાપી સેવા ફાઉન્ડેશન



# આમુખ

**ગગન શેઠી**
ચેરપર્સન

'આતાપી સેવા ફાઉન્ડેશન'નો વર્ષ ૨૦૧૬-૧૭નો વાર્ષિક અહેવાલ અમારા હિતધારકો સમક્ષ રજૂ કરતા અમે ગર્વ અને આનંદની લાગણી અનુભવીએ છીએ.

'આતાપી'ની વિચારધારા (વિઝન) અને હેતુને અનુરૂપ એવું આ વર્ષ ઘણું વ્યૂહાત્મક રહ્યું છે. અમારા પ્રાથમિક હિતધારકો સાથે રહી એમનાં સંગઠનોને મજબૂત કરવાનું કામ નોંધપાત્ર રહ્યું. સમુદાયના લોકો પોતાના વિકાસના વિઝન અને રણનીતિ (સ્ટ્રેટેજી) પોતે જ નક્કી કરી શકે તથા અમે એક સહભાગીની ભૂમિકા ભજવી શકીએ એ દષ્ટિકોણથી અમારા સ્ટાફે આ વર્ષે ઘણી મહેનત કરી છે.

આતાપી જેવી સંસ્થાનો મૂળ હેતુ લોકોનું સશક્તિકરણ કરવાનું તેમ જ ગરીમા, સુરક્ષા, સમાનતા અને શાંતિનાં મૂલ્યોને સમાજમાં વધારે પ્રસ્થાપિત કરવાનું છે, કે જેથી લોકશાહીની પ્રક્રિયા નીચેથી ઉપર સુધી થાય. સમાજના સૌથી વંચિત લોકોને વિકાસની તકો મળ અને તેઓ વિકાસમાં પોતાની ભૂમિકા ભજવી શકે એ જ લાંબા ગાળાનો વિકલ્પ છે.

છેલ્લાં થોડાં વર્ષોમાં દુનિયામાં ઘણા મોટા બદલાવો જોવા મળ્યા છે. આર્થિક અસમાનતા વધી રહી છે. બધા દેશોમાં ઓળખાણના રાજકારણનું મૂળ અને નફરતના આધાર ઉપરની નીતિઓ ઉભરાઈ રહી છે. આવી પરિસ્થિતિમાં શાંતિના અને સમાનતાના દષ્ટિકોણથી વિકાસનું આયોજન કરવું એ લોકો માટે અગત્યનું બની ગયું છે.

'આતાપી'એ જંબુસર તાલુકાનાં ગામોમાં બહેનો અને વિકલાંગતા ધરાવતા લોકો સાથે જે કામ ઉપાડ્યું છે એ સરાહનીય છે. 'આતાપી'નું નેતૃત્વ દરેક સ્થળે દેખાઈ રહ્યું છે. 'આતાપી'ના સ્ટાફ અને મારા સાથી બૉર્ડ-મેમ્બર, એમાંય ખાસ કરીને તુષારભાઈ દયાળ તથા અરૂણાબહેન લાખાણીના ઇન્વોલ્વમેન્ટ બદલ તેમનો ઋણી છું. અમારા દાતાઓ (ડોનર્સ)નો અમારામાં વિશ્વાસ વધ્યો છે અને અમે ઇચ્છીએ છીએ કે, આ અહેવાલ વાંચીને અમારા દાતાઓ અમને આગળનાં વર્ષોમાં આ જ રીતે સહકાર આપતા રહેશે.


અમારા દરેક સ્ટાફ-મેમ્બર અને નેતૃત્વ ટીમને અભિનંદન પાઠવું છું.

# પ્રસ્તાવના

'આતાપી સેવા ફાઉન્ડેશન' માટે ૨૦૧૫-૧૬નું વર્ષ પોતાનાં કામોને પ્રતિબિંબિત કરવા તથા સંગઠિત રીતે નવાં જોડાણો ઊભાં કરવા માટેનું હતું. તેના થકી હાલની પદ્ધતિઓ, શક્તિઓ તથા સંસ્થાકીય રીતે સુધારણા કરવા જેવા વિષયો અને વિસ્તારો અંગેની સમીક્ષા કરવાનો અવકાશ મળ્યો. સામુદાયિક આગેવાની, આતાપી ટીમનો આંતરિક શક્તિ વિકાસ, સમુદાય આધારિત સંસ્થાઓને મજબૂત કરવી એ આ વર્ષે મુખ્યત્વે કેન્દ્ર સ્થાને હતા.

'પીઆઈ ફાઉન્ડેશન' સાથેનાં નવાં જોડાણો થકી મહિલા સશક્તિકરણ કાર્યક્રમનું વિસ્તરણ થયું. સામુદાયિક આગેવાનોના શક્તિ-વિકાસ માટેની ચાર મૉડ્યુલની તાલીમ 'સ્નેહ-ધનુષ્ય'એ આ વિસ્તારના વિકાસ માટેની એક વિશ્વસનીય હરોળ ઊભી કરી.


**નાણાકીય વર્ષ ૨૦૧૬-૨૦૧૭ ની શરૂઆત :**
કાર્યક્રમ વિષયક અભિગમ અને કાર્યપદ્ધતિ અંગે વધુ સચોટ અને નક્કર સ્પષ્ટતા સાથે 'આતાપી'એ ૨૦૧૬-૧૭ ના વર્ષમાં પ્રવેશ કર્યો. મુખ્ય વહીવટી અધિકારી (સીઈઓ)ની નિયુક્તિ અને નાણાકીય વ્યવસ્થાપકની નિમણૂક (બે વર્ષ માટે ટીએમએલમાંથી નિયુક્તિ) તેમ જ જ્યાં અને જ્યારે જરૂર પડી ત્યારે જરૂરિયાત મુજબ ટીએમએલ તરફથી ટેકો આપી, આંતરિક પદ્ધતિઓને મજબૂત કરવા 'આતાપી'ને તરફ આગળ ધપાવવા સાથે 'ટીએમએલ'ની વ્યવસ્થાપક તરીકેની ભૂમિકા વધુ પરિપક્વ બની.




વર્ષના પહેલા છ મહિના દરમ્યાન હેતુલક્ષી અને લક્ષ્યાંક આધારિત કાર્યકારી આયોજનની સ્પષ્ટતા કેળવવા ઉપર ભાર મૂકવામાં આવ્યો, જેથી કરીને બધા જ કાર્યક્રમોના દરેક પરિણામ માટેના ગુણાત્મક તેમ જ સંખ્યાત્મક માપદંડો નક્કી થયા.

## હેતુ અને અભિગમ

માનવ અધિકારોને સુનિશ્ચિત કરવા અને તેને પ્રોત્સાહન આપવું.





## સર્વાંગી ગ્રામ વિકાસ


સામુદાયિક ભાગીદારોમાં રહેલી આંતરિક ક્ષમતાઓ બહાર લાવવી.



## રણનીતિ

- સમુદાય આધારિત સંસ્થાઓ અને સામુદાયિક આગેવાનોને પ્રોત્સાહન આપવું, તેમનું સંવર્ધન કરવું અને તેમનું સશક્તિકરણ કરવું.
- સમુદાયોનું સશક્તિકરણ કરવા માટે વધુને વધુ સંસાધનો તથા શક્તિ ઊભી થાય તે માટે સમુદાય, જવાબદારી નિભાવનારા તેમ જ જોડાણકર્તાઓ જેવા બધા જ હિતધારકોને એકસાથે લાવવા.
- વિસ્તારના ઉદ્યોગો/ કૉર્પોરેટ્સ સાથે ભાગીદારી અને જોડાણને પ્રોત્સાહન આપવું.








## જંબુસર તાલુકાનાં ગામોમાં 'આતાપી'નો હાલનો વ્યાપ

- કાર્યક્ષેત્રનાં ગામોઃ ગજેરા, વેડચ, પિલુદરા, કારેલી, ઉબેર, નોંધણા, બોજાદરા, કહાનવા, વહેલમ, વાવલી, ઉચ્છદ, ડાભા, ભણખેતર, અણખી, સારોદ, જાફરપુરા, ઉમરા, નોબાર
- નાણાકીય ટેકોઃ ટીએમએલ, નવાજબાઈ રતન ટાટા ટ્રસ્ટ, એસએફસીટી, પી.આઈ.ફાઉન્ડેશન, ઍકસેલ ઈન્ડસ્ટ્રીઝ લિ.

| ક્રમ | કાર્યક્રમ/કુલ ગામો | કુલ સંગઠનો | કુલ સભાસદ | જોડાણ |
|---|---|---|---|---|
| ૧. | ખેતી વિકાસ- (ખેડૂત જૂથ) નાના અને સીમાંત ખેડૂતો/ કુલ ૨૦ ગામો | ૬૬ | ૧૩૫૪ | કૉસ્ટલ સેલિનિટી પ્રિવેન્શન સેલ (સીએસપીસી), કૃષિ વિજ્ઞાન કેન્દ્ર-ચાસવડ (કેવીકે), સેન્ટ્રલ સોઈલ એન્ડ સેલિનિટી રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ (સીએસએસઆરઆઈ), એગ્રિકલ્ચર ટેકનોલૉજી મેનેજમેન્ટ એજન્સી (આત્મા) |
| ૨. | વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓનું સશક્તિકરણ/ કુલ ૨૦ ગામો | ૧ | ૭૦૦થી વધુ વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ સાથે જોડાણ | વી-વન વડોદરા, ડિસેબિલિટી ઍડવોકસી ગ્રુપ, સમાજ સુરક્ષા ખાતુ-ભરૂચ, સિવિલ હૉસ્પિટલ- ભરૂચ |
| ૩. | મહિલાઓ અને આજીવિકા- સામાજિક અને આર્થિક રીતે હાંસિયામાં ધકેલાઈ ગયેલી મહિલાઓ- ખાસ એકલનારી | ૮૮ | ૧૩૧૮ (૩૦૦ એકલનારીઓ) | સહિયર જો સંગઠન, બરોડા સ્વરોજગાર વિકાસ સંસ્થા, ગુજરાત લાઈવલીહૂડ પ્રમોશન કંપની |
| ૪. | સર્વસમાવેશી/ સમ્મિલિત શિક્ષણ કાર્યક્રમ - દેવીપૂજક સમુદાય | | ૨૫ બાળકો | ગજેરા ગામ |
| | **કુલ** | **૧૫૫** | **૩૩૯૭** | |

# ૧.

## ખેતી અને પાક સુધારણા કાર્યક્રમ

**હેતુ**

નાના અને સીમાંત ખેડૂતોને વૈજ્ઞાનિક અને ટકાઉ ખેતી માટે પ્રેરિત કરી તેમના જીવનમાં આર્થિક તેમ જ સામાજિક વિકાસ લાવવાના ઉદ્દેશ્યથી 'આતાપી સેવા ફાઉન્ડેશન'એ ભરૂચ જિલ્લાના જંબુસર તાલુકાનાં વીસથી વધુ ગામોમાં છેલ્લાં છ વર્ષથી પ્રયાસો હાથ ધર્યા છે.

અરબી સમુદ્રથી માત્ર ૧૫ કિમીના અંતરે આવેલા જંબુસર તાલુકાની રેતાળ અને ક્ષારવાળી જમીન પર વસેલાં આ વીસ ગામોમાં પીવાલાયક અને ખેતી માટેનાં પાણીની ઉપલબ્ધી સૌથી મોટો પડકાર છે. મોટાભાગના લોકો ખેત-આધારિત આજીવિકા પર નિર્ભર છે, પરંતુ હલકી ગુણવત્તાવાળી જમીન, ખેતીલાયક પાણીની ઉણપ, જીવજંતુના ઉપદ્રવ તેમ જ યોગ્ય આયોજનના અભાવે ખેડૂતો યોગ્ય માત્રામાં ગુણવત્તાયુક્ત ઉત્પાદન મેળવી શક્તાં નથી, જે તેમની આજીવિકા પર અસર કરે છે તથા તેઓ જીવનની મૂળભૂત જરૂરિયાતોથી પણ વંચિત રહે છે.

પાણીની વિકટતાને લીધે અહીં ખેતી નબળી છે. ખેડૂતો કપાસ, તુવેર, અડદ વગેરે ટૂંકા ગાળાના પાક લઈ શકે છે, પરંતુ શાકભાજી તથા બાગાયતી ખેતી માટે પાણીની પૂરતી વ્યવસ્થા નથી. તે સિવાય જીવાત તેમ જ રોગોને લીધે ખેતી નિષ્ફળ જવી અથવા ઉત્પાદન ઓછું થવું એ સમસ્યા સામાન્ય રીતે જોવા મળે છે.



'ખેતી અને પાક સુધારણા કાર્યક્રમ'ને સુયોજિત રીતે હાથ ધરવા માટે પ્રોજેક્ટ ટીમ લીડર, આયોજક, પ્રોજેક્ટ ઑફિસર તથા ક્લસ્ટર ટીમ લીડર સહિતના કાર્યકરોને જવાબદારી સોંપવામાં આવી. વીસ ગામોને ૫-૫નાં ચાર ક્લસ્ટરમાં વહેંચી દેવામાં આવ્યાં. અગાઉનાં વર્ષોના અનુભવના આધારે ૨૦૧૬-૧૭માં 'ખેતી અને પાક સુધારણા કાર્યક્રમ'ને વધુ અસરકારક બનાવવા તથા તેનો વ્યાપ વધારવા સુગઠિત પ્રયાસો કરવામાં આવ્યા.

કાર્યક્રમની અસરકારતા વધારવા માટે આ વર્ષે આ કાર્યક્રમમાં નીચેના મુદ્દાઓને ખાસ પ્રાધાન્ય આપવામાં આવ્યું:

**ક. નાના અને સીમાંત ખેડૂતોનાં સમુદાય-આધારિત સંગઠનોની રચના તેમ જ તેમને સુદ્રઢ કરવાની પ્રવૃત્તિઓ:** લર્નિંગ ગ્રુપ, ખેડૂત સેમિનાર, ફાર્મર ટુ ફાર્મર ઍક્સ્પોઝર વિઝિટ અને તાલીમ જેવી વિવિધ પ્રવૃત્તિઓ થકી ખેડૂતોનાં સંગઠન અને શક્તિ-વિકાસ માટે વિવિધ કાર્યક્રમો કરવામાં આવ્યા. અગાઉનાં વર્ષોમાં 'આતાપી' દ્વારા ૧૨-૧૫ ખેડૂતોનાં જૂથો બનાવવામાં આવતાં હતાં. આ વર્ષે ૩૦-૪૦ ખેડૂતોનાં જૂથો બનાવાયાં તથા તેમાં બહેનો અને વિકલાંગતા ધરાવતા ખેડૂતોનો સમાવેશ કરી સર્વસમાવેશક વિકાસ માટે નક્કર પ્રયત્નો કરવામાં આવ્યા. એ જ રીતે ખેડૂત સેમિનારમાં ખેડૂત-આગેવાનોના જ સંચાલન હેઠળ ખેડૂત-બહેનો તથા વિકલાંગતા ધરાવતા ખેડૂતો સહિત ૨૭ ગામના ૧૦૦૦થી વધુ ખેડૂતો સહભાગી થયા. કાર્યક્રમમાં એકબીજાના અનુભવોની આપ-લે દ્વારા તેમ જ સરકારી અને અન્ય સંસ્થાઓના વિશેષજ્ઞો દ્વારા અપાયેલાં માર્ગદર્શન તથા ખેતીવિષયક માહિતી મેળવી ખેડૂતો જાગૃત થયા. ઉપરાંત, ખેડૂત લર્નિંગ ગ્રુપ સાથે ૨૧ પી.ઓ.પી. તથા ૧૯ આઇ.પી.એમ.ની તાલીમ કરવામાં આવી, જેના લીધે લગભગ ૧૦૦૦ જેટલા ખેડૂતોમાં પાકની વાવણી પદ્ધતિ, ખાતર વપરાશ, બિયારણ દર તથા પાકમાં આવતા રોગ જીવાતના નિયંત્રણ અને નિવારણ તેમ જ જૈવિક ખેતી અંગે જાગૃતિ આવી. આ જાણકારીનો ઉપયોગ કરીને ખેડૂતો ઓછા ખર્ચે વધુ અને ગુણવત્તાયુક્ત ઉત્પાદન મેળવી ૧૦થી ૧૫ ટકા વધુ આવક મેળવતા થયા.

**પરિણામ:**

- ૬૩ લર્નિંગ ગ્રુપમાં ૨૪૧૫ ખેડૂતો, જૂથો સાથે જોડાયા તેમ જ મહિલા-ખેડૂતો તથા વિકલાંગતા ધરાવતા ખેડૂતોને પણ આમાં સામેલ કર્યા.
- ૨૭ ગામના મહિલા તથા વિકલાંગતા ધરાવતા ખેડૂતો સહિત કુલ ૮૫૦ ખેડૂતોએ સંસ્થા દ્વારા આયોજિત ખેડૂત

## પ્રગતિના પંથે આગળ વધતા ડાભા ગામના ખેડૂત પ્રવિણસિંહ



*જંબુસર તાલુકાના ડાભા ગામના ખેડૂત પ્રવિણસિંહ પોતાની ખેતીની જમીનમાં પહેલાં શ્રાવણી તુવેર અને દેશી કપાસ વાવતા હતા. તેમાં તેઓ ક્યારેય બિયારણને કોઈ બીજ-માવજત આપતા નહોતા. વળી, દવાઓનો પણ તેઓ આડેધડ ઉપયોગ કરતા હતા. તેમને એક એકરમાં દવાઓ છાંટવાનો ખર્ચ સાતથી આઠ હજાર રૂપિયા થતો. દવા છાંટવા છતાં પાકમાં ઘણીવાર મૂળનો સુકારો અને કોહવારો આવવાના કારણે ઘણા છોડ સૂકાઈ જતા અને તેને કારણે પાકનું ઉત્પાદન ઘટી જતું. ઉપરાંત, તેઓ તુવેરના પાકમાં પિયત પણ આપતા નહોતા.*

*પ્રવિણસિંહ, 'આતાપી સેવા ફાઉન્ડેશન' સાથે ચાર વર્ષ પહેલાં જોડાયા અને 'આતાપી' દ્વારા રચવામાં આવેલા ખેડૂત જૂથની મિટિંગમાં તેઓ હાજરી આપવા લાગ્યા. આવી એક મિટિંગમાં તેમને ખેતીને લગતી ઉપયોગી બાબતો વિશે જાણવા મળ્યું. એ જાણકારીનો ઉપયોગ કરીને તેમણે તેમની જમીનની ચકાસણી કરાવી. ચકાસણીના રિપોર્ટમાં કરવામાં આવેલી ભલામણો મુજબ તેમણે ખાતરનો વપરાશ કર્યો, પિયત પાણી આપતા થયા તથા ટ્રાયકોડર્માનો પણ ઉપયોગ કર્યો. આવી કાળજી લેવાથી હવે તેમના તુવેર અને કપાસના પાકમાં સુકારો આવતો નથી. દવાઓ અંગેની જાણકારી મેળવીને તેઓ નીમ ઓઈલ પણ વાપરતા થયા તેથી તેમનો દવાનો ખર્ચ સાત-આઠ હજારથી ઘટીને ત્રણ-ચાર હજાર જેટલો થઈ ગયો છે. તેમના ખેતરમાં પાકનો વિકાસ સારો થયો છે અને ઉત્પાદનમાં પણ ૨૦થી ૩૦ ટકાનો વધારો થયો છે. તેમણે 'આતાપી' સાથે જોડાયા પછી ૧૩ દિવસની નેતૃત્વની તાલીમ પણ લીધી છે. હાલમાં તેઓ 'આતાપી' દ્વારા રચિત 'ફાર્મર્સ પ્રોડ્યુસર્સ ઑર્ગેનાઈઝેશન' (એફપીઓ)માં માનદ્ મંત્રી તરીકે સક્રિય રીતે કાર્યરત છે.*

ગરિમા ઉત્સવમાં સક્રિય રીતે સહભાગી થઈને સ્થાનિક અધિકારીઓ પાસે માર્ગદર્શન મેળવ્યું અને પોતાના અનુભવોની આપ-લે કરી. વધુમાં આ કાર્યક્રમથી પ્રેરિત થઈને ૩૦૦ નવા ખેડૂતો, જૂથો સાથે જોડાયા.

- કૃષિ યુનિવર્સિટી તેમ જ અન્ય સ્થળોની મુલાકાતો તથા વિવિધ તાલીમોથી ખેડૂતોની ખેતી વિશેની એક નવી સકારાત્મક દૃષ્ટિ કેળવાઈ અને તેઓ નવીન તકનીકોનો ઉપયોગ તથા જીવાત નિયંત્રણ માટેની વૈકલ્પિક પદ્ધતિઓનો ઉપયોગ કરી વિવિધ રોગો પર નિયંત્રણ મેળવીને વધુ ઉત્પાદન તથા આવક મેળવી શક્યા.

**ખ. ખેડૂતોના એફ.પી.ઓ. સક્રિય કરવાની પ્રવૃત્તિઓ:** ક્લસ્ટર મિટિંગો, નિષ્ણાતો સાથે મિટિંગો તથા વિવિધ તાલીમો થકી એફ.પી.ઓ.ના આગેવાન-ખેડૂતોમાં નેતૃત્વ-શક્તિનો વિકાસ કર્યો તથા નવાં જોડાણો માટે તેમને પ્રોત્સાહિત કર્યા. બાહ્ય અને નવીન પદ્ધતિઓ વિશે ખેડૂતો જાતે અનુભવ મેળવે તે હેતુથી ૯૫ ખેડૂત ભાઈ-બહેનોને ૫ મુલાકાતોમાં કૃષિ યુનિવર્સિટી તથા કૃષિ વિજ્ઞાન કેન્દ્ર (કેવીકે)ની મુલાકાત કરાવી. આવી મુલાકાતો તથા એફ.પી.ઓ. સાથે જોડાયેલા ખેડૂતોના અનુભવોની આપ-લે દ્વારા અન્ય ખેડૂતોને પોતાની સંસ્થાની રચના માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા.

**પરિણામ:**

- ૩૭૩ ખેડૂતો શેરફાળા સાથે એફ.પી.ઓ.માં જોડાયા.
- એફ.પી.ઓ.કમિટીની રચના થઈ તેમ જ તેના વિકાસની કાર્યપદ્ધતિ માટે નિયમિત બેઠકો પણ શરૂ થઈ.
- વાડીલાલ કંપની સાથે કૉન્ટ્રાક્ટ માટે જોડાણ માટેના પ્રયાસોમાં સાનુકૂળ પ્રતિભાવ મળ્યો.
- સભાસદ ખેડૂતોને વાજબી ભાવે ખાતર મળે એ માટે જંબુસર સહકારી સંઘ સાથે જોડાણ કરી ખાતર અપાવ્યું.

**ગ. ખેડૂતોને સિંચાઈ સુવિધા વિકસાવવા તેમ જ વરસાદી પાણીના સંગ્રહ માટે પ્રોત્સાહિત કરવાની પ્રવૃત્તિઓ:** ખેડૂતો માટે બોરવેલ રિચાર્જ કરવામાં આવ્યા. 'ગુજરાત જમીન વિકાસ નિગમ' (જીએલડીસી)ના સહયોગથી તળાવ રિપેર કરવામાં આવ્યા તથા ખેત-તલાવડી બનાવવા માટેના પ્રયત્નો કરવામાં આવ્યા. નેતૃત્વ-શક્તિના વિકાસ અંગેની તાલીમોના પ્રભાવે ૭ ગામના ૨૦ ખેડૂતોએ આગેવાની લઈને બોરવેલ રિચાર્જ કરવાની ઝુંબેશ ઉપાડી અને બોરવેલ રિચાર્જ કરી વરસાદી પાણીના સંગ્રહનું કામ પણ સુપેરે પાર પાડ્યું.

**પરિણામ:**

- ૭ ગામના ૨૦ ખેડૂતોના સઘન પ્રયાસોથી વરસાદી પાણીનું રોકાણ થયું તથા આ ગામનાં પાણીના સ્તર ૨થી ૩ ફૂટ જેટલાં ઊંચાં આવ્યાં, જેનો સીધો લાભ ખેતીમાં મળ્યો.
- વેડચ અને ગજેરા ગામની સીમનાં ૫ તથા અન્ય ૧ તળાવ ભરૂચ જીઆઇડીસીના સહયોગથી રિપેર થવાથી આજુબાજુની ૧૫૦ એકર જમીનમાં ખેતી માટે તેમ જ પશુઓ માટે પાણીની સુવિધા ઉપલબ્ધ થઈ.

- વ્યક્તિગત સ્વરૂપે બે ખેડૂતોએ ખેતરમાં ખેત-તલાવડી બનાવીને ઉત્પાદનમાં ૧૦-૧૫ ટકાની વૃદ્ધિ મેળવી.

**ઘ. ફાર્મર ટુ ફાર્મર પ્રક્રિયા થકી ખેડૂતોને નવી તકનીકોનો મહત્તમ ઉપયોગ કરવા પ્રેરિત કરવા**

**પ્રવૃત્તિ:** અનુભવોની આપ લે તથા મુલાકાતો થકી ખેડૂતોને નવા તથા સફળ પાકો, કીટરોધક દવાઓનો ઉપયોગ, ટપક સિંચાઈ, મંડપ પદ્ધતિ જેવી નવીન રીતો થકી બાગાયતી તથા શાકભાજીનું ઉત્પાદન તથા પાકને નુકસાન કરતા પશુઓને રોકવા માટેના નવા ઉપાયો વિશેની જાણકારી આપી.

**પરિણામ:**

- ૮૫ ખેડૂતોએ ૧૬૦ એકરથી વધુ વિસ્તારમાં સંકર-૮ બીટી કપાસનું તથા ૫૦૦થી વધુ ખેડૂતોએ વૈશાલી તુવેરનું વાવેતર કરી વધુ ઉત્પાદન મેળવ્યું. ઉપરાંત, ૧૩ ખેડૂતોએ 'કૃષિ વિજ્ઞાન કેન્દ્ર' (કેવીકે) દ્વારા નવા પાક તરીકે સોયાબિન અને અડદના પાકનું નિદર્શન મેળવ્યું.
- ડ્રીપ પદ્ધતિ તેમ જ મંડપ પદ્ધતિથી શાકભાજીનું ઉત્પાદન કરી ખેડૂતોએ ટૂંકા ગાળામાં વધુ આવક મેળવી.
- કીટનાશક દવાઓ થકી પાકને જીવાતોથી બચાવી અને ઝટકા મશીનના ઉપયોગથી પશુઓને રોકી ઉત્પાદન વધાર્યું.
- મોબાઇલ કૃષિ સેવા (એમ કૃષિ) સાથેના જોડાણથી ખેડૂતોને ઘેર બેઠા ખેતી-વિષયક માહિતી મળતી થઈ, જેથી તેઓ વધુ જાગૃત થયા તેમ જ અનુભવો અને માહિતીની આપ-લે કરતા થયા.

**ચ. સ્થાનિક સ્તરે નેતૃત્વ-શક્તિનો વિકાસ કરવો**

**પ્રવૃત્તિ:** વિવિધ તાલીમો, કાર્યક્રમો, સેમિનાર વગેરેની વ્યવસ્થામાં સ્થાનિક આગેવાન-ખેડૂતોને સક્રિય રીતે સહભાગી કર્યા અને જુદી-જુદી જવાબદારીઓ સોંપવામાં આવી. તેમની નેતૃત્વ-શક્તિના વિકાસ માટે તાલીમ પ્રમાણપત્ર વિતરણ કાર્યક્રમ તથા અન્ય સેમિનારોનાં આયોજનને લગતાં વિવિધ કાર્યોની જવાબદારી સોંપી. કાર્યક્રમના જુદા-જુદા તબક્કે તેમને સક્રિય રીતે સાંકળ્યા અને આમ અનુભવ આધારિત નેતૃત્વ-શક્તિ વિકસાવવામાં આવી.

**પરિણામ:** ખેડૂતોમાં આત્મવિશ્વાસ તેમ જ નેતૃત્વ શક્તિનો વિકાસ થયો. જેથી તેઓ પોતાના જૂથ તથા સંગઠનના વિકાસ અને સશક્તિકરણ અંગે સક્રિય રીતે વિચારતા અને આયોજન કરતા થયા. પરિણામે, છ માસમાં ૧૦૦૦ નવા ખેડૂતો, જૂથોમાં

## એફપીઓ અને મહિલા દૂધમંડળી માટે સફળ નેતૃત્વ પૂરું પાડનારા મહિજીભાઈ ગોહિલ



*મહિજીભાઈ ધૂળાભાઈ ગોહિલ, ઉચ્છદ ગામના ખેડૂત છે. તેઓ છેલ્લાં ત્રણ વર્ષથી 'આતાપી સેવા ફાઉન્ડેશન' દ્વારા રચિત ખેડૂત જૂથમાં સામેલ થયા છે. તેઓ નિવૃત્ત શિક્ષક છે. 'આતાપી' સાથે જોડાયા પછી તેઓ સામાજિક વિકાસ-કાર્યોમાં રસ લેતા થયા અને 'આતાપી'ના 'સ્નેહ-ધનુષ્ય લીડરશિપ કાર્યક્રમ'માં સક્રિય થયા. તેઓ એક પણ દિવસ ગેરહાજર રહ્યા વગર ખંત અને મહેનતથી કામ કરી રહ્યા છે. તેમણે ગામના ૬૦ ખેડૂતોને જૂથમાં જોડ્યા છે. વધુ ને વધુ ખેડૂતોને 'ફાર્મર્સ પ્રૉડ્યુસર્સ ઑર્ગેનાઈઝેશન' (એફપીઓ)માં જોડવા માટે તેમણે ખેડૂતોના ઘેર-ઘેર જઈને એફપીઓ વિશે માહિતી આપી હતી. તેમણે ૩૫ ખેડૂતોને સમજાવીને ખેડૂતદીઠ રૂ. ૧૦૧૦ શેરફાળો કરાવીને ખેડૂતોને એફપીઓમાં જોડ્યા હતા. તેમના ગામમાં ખાનગી ડેરીઓના ગેરવહીવટને સુધારવા માટે તેમણે 'આતાપી'ની મદદથી 'મહિલા દૂધ ઉત્પાદક મંડળી' રચી. એટલું જ નહીં, પણ મંડળીનો સરસામાન ખરીદવા માટે તેમણે પોતાનો પાંચ હજાર રૂપિયા ફાળો આપ્યો.*

*શરૂઆતમાં દૂધ મંડળીમાં માત્ર ચાર લિટર દૂધ જ ભરાતું, કારણ કે પશુપાલકો જોડાવા તૈયાર થતા નહોતા. તેમ છતાં મહિજીભાઈ હિંમત હાર્યા નહીં અને લોકોને સમજાવતા રહ્યા. આજે ઉચ્છદ ગામની મહિલા દૂધ ઉત્પાદક મંડળીની નોંધણી થઈ ગઈ છે અને રોજનું ૨૫૦ લિટર દૂધ ભરાય છે. મંડળીનો વહીવટ વ્યવસ્થિત રીતે ચાલે તે માટે મહિજીભાઈ મંડળીની બહેનોને હિસાબોની જાળવણીમાં મદદરૂપ થઈ રહ્યા છે અને બહેનોને ટેકો આપી રહ્યા છે.*

જોડાયા. આમ, સંગઠન ટકાઉ બન્યું. વધુમાં તેઓ, નર્મદાના પાણી બંધ કરવા જેવા, પોતાના ખેતીને લગતા પ્રશ્નો અંગે સ્થાનિક સરકારી પ્રતિનિધિઓ સાથે સીધું સંકલન તથા રજૂઆત કરતા થયા.

### છ. ગ્રામ સ્તરે માહિતી માટેનાં કેન્દ્રો તથા અન્ય સ્રોતોનો વિકાસ

**પ્રવૃત્તિ:** સ્થાનિક ગ્રામ પંચાયત તથા અન્ય લોકોના સહકારથી ત્રણ ગામોમાં સ્થાનિક વિકલાંગતા ધરાવતા ખેડૂતોને સાંકળીને માહિતી-કેન્દ્રો ઊભાં કરવામાં આવ્યાં. આ કેન્દ્રો પર યોગ્ય સંદર્ભ- સામગ્રી ઉપલબ્ધ કરાવવામાં આવી.

**પરિણામ:** લોકોને ઘર આંગણે ખેતી-વિષયક માહિતી તથા માર્ગદર્શન મળતા થયા, જેથી તેઓ ખેતી વિશે વધુ જાગૃત થયા અને પોતાના પ્રશ્નોનું નિરાકરણ જાતે કરી વધુ ઉત્પાદન અને આવક મેળવતા થયા.

### જ. બહેનોને ખેડૂતો તરીકેની ઓળખ તથા ગરીમા મળે તે માટે સક્રિય પ્રયાસો

**પ્રવૃત્તિ:** ખેડૂતોના લર્નિંગ ગ્રુપમાં બહેનોનો સમાવેશ કરી લર્નિંગ ગ્રુપના દરેક કાર્યક્રમ, તાલીમ તથા નિદર્શનમાં તેમનો સમાવેશ કરી, સક્રિય રીતે સહભાગી કર્યાં.

**પરિણામ:** ૨૧૯ બહેનો તથા ૪૬ વિકલાંગતા ધરાવતા ખેડૂતોનું લર્નિંગ ગ્રુપ સાથે જોડાણ તથા ૩૫ વિકલાંગતા ધરાવતા ખેડૂતો સાથે રોલ મોડલ રૂપી સઘન કામગીરી કરવામાં આવી.

### ઝ. ખેડૂતોને આર્થિક-સહાય માટેનાં માધ્યમો સાથે જોડવાનો સહયોગ

**પ્રવૃત્તિ:** સંયુક્ત જવાબદારીવાળા જૂથ (જેએલજી)ની રચના કરી ઓછા વ્યાજે લોન મેળવવા માટે બેંકો સાથે જોડાણ કરાવ્યા. જેએલજીમાં ખેડૂતો એકબીજાના સહયોગથી અને જવાબદારીથી જૂથમાં જોડાય છે અને બેંક સાથે જૂથનું જોડાણ કરવામાં આવે છે. સમગ્ર જૂથની જવાબદારી હોવાથી બેંક તરફથી ઓછા વ્યાજે સરળ પ્રક્રિયાથી લોન આપવામાં આવે છે. આ લોનથી ખેડૂતો પોતાના બિયારણ, ખાતર કે અન્ય ખેતી-વિષયક ખર્ચની જોગવાઈ સરળતાથી કરી શકે છે.

**પરિણામ:** જેએલજીના સભ્યોને ખેતીકામને લગતા બિયારણ વગેરેના ખર્ચ માટે ઓછા વ્યાજે, બેંકમાંથી સબસીડીવાળી લોન મળી, જેથી તેઓ શાહુકારો પાસેથી ઉછીના રૂપિયા લેવામાંથી બચી શક્યા. ૧૧ ગ્રુપના ૩૬ ખેડૂતોએ બેંકમાંથી રૂ. ૧૧.૨૫ લાખની લોન મેળવી છે.





**આ વર્ષની નોંધપાત્ર સિદ્ધિઓ :**

- બહેનોના એક જૂથને શ્રેષ્ઠ જૂથના ઍવૉર્ડ પેટે રૂ. ૨૦,૦૦૦નું પારિતોષિક મળ્યું.
- ત્રણ ખેડૂતોને શ્રેષ્ઠ ખેડૂત તરીકે ખેડૂત દીઠ રૂ. ૧૦,૦૦૦નું પારિતોષિક મળ્યું.
- બૅંક ઑફ બરોડા-ગજેરા અને ગુજરાત ગ્રામીણ બૅંક-કારેલી દ્વારા ૩૬ ખેડૂતોએ ખેતીકામ માટે રૂ. ૧૧.૨૫ લાખની લોન લીધી.
- એનસીસીએસડી દ્વારા આયોજિત વાતાવરણીય બદલાવ અંગેના રાષ્ટ્રીય સંમેલનમાં ૫ ખેડૂતો સહભાગી થયા.
- સીએસએસઆરઆઈ, કેવીકે તેમ જ આત્મા દ્વારા ખેડૂતોને મળેલા પાક-નિદર્શન તથા તાલીમના લીધે ખેડૂતોમાં જાગૃતિ આવી અને તેમનાં પાક-ઉત્પાદનમાં ૧૦થી ૨૦ ટકાનો વધારો થયો.
- ખેડૂતો નવા પાકો તથા શાકભાજી અને બાગાયતી ખેતી માટે પ્રેરિત થઈને વધુ આવક મેળવતા થયા.
- 'કૉસ્ટલ સેલિનિટી પ્રિવેન્શન સેલ' (સીએસપીસી) તથા 'જળ સ્રોત સ્નેહ સંવર્ધન સમિતિ-ભુજ'ના સહયોગથી વરસાદી પાણીના સંગ્રહ માટેની ચકાસણી માટેનાં સંશોધન થયાં તથા તે અંગેનાં આયોજન થઈ શક્યાં.
- ખેડૂતો ઉપરાંત, સ્થાનિક આગેવાનો તથા કાર્યકરોની તાલીમ અને શક્તિ વિકાસનાં કાર્યોથી કાર્યક્રમને વધુ અસરકારક, વ્યાપક અને સઘન બનાવી શક્યા.

જો કે, આ સિદ્ધિઓ મેળવવાની પ્રક્રિયા દરમ્યાન કેટલાક પડકારોનો સામનો પણ કરવો પડ્યો. નવા ખેડૂતોને લર્નિંગ ગ્રુપમાં જોડવા, તેમાંય મહિલાઓને તેમાં સમાવિષ્ટ કરવાનું ઘણું અઘરું હતું. તે જ રીતે નવા ખેડૂતોને, ખેડૂત સંમેલનમાં આવવા માટે પ્રોત્સાહિત કરવા, તેમને વિવિધ જવાબદારીઓ સાથે સાંકળી તેમની નેતૃત્વ-શક્તિનો વિકાસ કરવો તથા એફપીઓ સાથે નવા ૧૦૦ ખેડૂતોને જોડવાનું કામ પણ સમય, ધીરજ અને કુનેહપૂર્વક કરવું પડ્યું. જીએલડીસી જેવાં સરકારી એકમો તથા અન્ય સંસ્થાઓ સાથેના સહયોગ અને જોડાણમાં ટીમે, સતત સંકલન અને ફૉલોઅપ થકી પોતાનાં લક્ષ્યાંકો સિદ્ધ કર્યા. આ સિવાય નવી તકનીકો તથા નવાં સાધનોનો વપરાશ કરવા માટે ખેડૂતોને સંમત કરવા માટે વિવિધ કાર્ય પદ્ધતિઓનો ઉપયોગ કરવામાં આવ્યો.

અંતમાં, વર્ષ દરમ્યાન આવેલા પડકારો તથા ત્યારબાદ મેળવેલી સિદ્ધિઓ થકી ઘણા નવા બોધપાઠ પણ મળ્યા. ટૂંકમાં, ખેતી-વિષયક સુધારણા કાર્યક્રમમાં સ્થાનિક સ્તરે ખેડૂતોની નેતૃત્વ-શક્તિનો વિકાસ કરી, તેમનાં સ્થાનિક સંગઠનો ઊભાં થાય અને તેઓ પોતે તે સંગઠનોનો કાર્યભાર સંભાળીને મહિલાઓ તથા વિકલાંગતા ધરાવતા ખેડૂતોને પણ સાંકળી સર્વસમાવેશક કાર્ય પદ્ધતિથી કાર્ય કરવાનો અભિગમ અપનાવે તે વાત ઉપર ભાર મૂકવામાં આવ્યો. આ બાબત, તેમના પોતાના જ નહિ, પરંતુ સમગ્ર વિસ્તારના બધા જ ખેડૂતોના આર્થિક અને સામાજિક વિકાસ માટે ચાવીરૂપ છે. સંગઠન તથા યોગ્ય નેતૃત્વથી બાહ્ય જોડાણો, સરકારી એકમો સાથે સંકલન અને રજૂઆત તથા આર્થિક અને અન્ય સ્રોતો પ્રાપ્ત કરવાના પ્રયાસોની અસરકારકતા તેમ જ સુગમતા વધે છે.

# ૨.

# મહિલા સશક્તિકરણ કાર્યક્રમ

**હેતુ:** આર્થિક અને સામાજિક રીતે વંચિત બહેનોની આર્થિક, સામાજિક અને કાયદાકીય પરિસ્થિતિમાં બદલાવ લાવવા માટે બહેનોનું સશક્તિકરણ કરવું.

કાર્યક્રમ અંતર્ગત કરવામાં આવેલી પ્રવૃત્તિઓ:

- હાંસિયામાં રહેલી બહેનોનું જોડાણ
- ઉજાસ મહિલા બચત અને ધિરાણ સહકારી મંડળીની સ્વતંત્ર એકમ તરીકેની ઓળખ
- પારંપરિક આજીવિકાનાં સાધનોનું મજબૂતીકરણ
- આગેવાન-બહેનો દ્વારા વિકાસ માટેનાં જાગૃતિ કાર્યો
- અધિકારો અને મળવાપાત્ર સવલતો સાથે જોડાણ (ખાસ કરીને વૃદ્ધ અને એકલ બહેનો માટે)

### નેતૃત્વ સશક્તિકરણ

- આ બધી પ્રવૃત્તિઓનું અમલીકરણ કરવા વિવિધ પદ્ધતિઓ હાથ ધરવામાં આવી હતી. આ વર્ષના મુખ્ય કાર્યવિસ્તાર તરીકે જંબુસર તાલુકાનાં પચ્ચીસ ગામોને આવરી લેવામાં આવ્યાં હતાં, જેમાં નવાં ૫૭ જૂથોમાં ૬૮૭ બહેનોને જોડીને સંસ્થાની તાકાતમાં ઉમેરો કરવામાં આવ્યો હતો.
- ગામોમાં વસતા દરેક સમાજની બહેનોની પરિસ્થિતિ અલગ-અલગ હોય છે. બહેનોને ઘરની બહાર નીકળવાના, સલામતીના, સમાજમાં સ્થાનના પ્રશ્નો જોવા મળે છે. આ મુશ્કેલીઓમાંથી માર્ગ કાઢવાના એક પ્રયાસરૂપે બહેનો પોતાની તકલીફોને વાચા આપે એ જરૂરી હતું. એમાંયે, ખાસ એકલ નારી બહેનોની સ્થિતિ તો વધુ કફોડી હોય છે. શિક્ષણ ઓછું, વ્યસન અને અંધશ્રદ્ધા વધુ એવી પરિસ્થિતિમાં બહેનો મજૂરી કરીને ગુજરાન ચલાવે છે.

### ક. હાંસિયામાં રહેલી બહેનોનું જોડાણ

- સામાજિક-આર્થિક મુશ્કેલીઓ ભોગવતી ૨૦૩૬ જેટલી બહેનો સાથે વ્યક્તિગત મુલાકાત દ્વારા 'આતાપી' અને 'પી.આઈ. ફાઉન્ડેશન'નો પરિચય આપવાની સાથે બચત-મંડળનાં વિવિધ પાસાંઓની ચર્ચા કરવામાં આવી. બહેનોને બચતનું મહત્ત્વ સમજાયું અને એ ખાસ રાહત થઈ કે હવે ઊંચા દરે શાહુકારો પાસેથી પૈસા નહીં લાવવા પડે.
- બચતનું મહત્ત્વ સમજીને એનો ફાયદો લેવા માટેનું બીજું પગલું અમલીકરણનું રહ્યું. ૨૫ ગામની ૬૮૭ બહેનોને સાંકળતાં ૫૭ બચત-જૂથોની રચના દ્વારા આર્થિક સશક્તિકરણ તરફની સફર શરૂ થઈ. અગાઉ જૂથનાં નામ મોટેભાગે ધાર્મિક રાખવામાં આવતાં. આ વર્ષે જૂથો એક મહત્ત્વનો ફરક એ લાવ્યાં કે, જૂથનાં નામ ધાર્મિક સિવાયનાં રાખીને સમાનતાનાં મૂલ્યને પણ યોગ્ય સ્થાન આપ્યું.
- નવાં જૂથોની રચના કરવાની સાથે તેને ચલાવવા માટે આગેવાન અને નીતિનિયમો પણ નક્કી કરવામાં આવ્યા. માસિક મિટિંગની તારીખ નક્કી કરીને તેમાં બચત જમા કરવાની અને તેને લગતી અલગ-અલગ પ્રક્રિયાઓ શરૂ કરવામાં આવી.
- નવાં અને જૂનાં જૂથોની એકસાથે ક્લસ્ટર મિટિંગનું આયોજન કરીને તેમાં મંડળની પ્રગતિની ચર્ચા સાથે આગેવાનોની તાલીમ વિશે પણ આયોજન કરવામાં આવ્યું. આ મિટિંગનો એક અગત્યનો મુદ્દો એ હતો કે આ મંડળ માત્ર બચત-ધિરાણની કામગીરી પૂરતું સીમિત નહીં રહે. ગામના વિકાસમાં પણ એ યથાશક્તિ ફાળો આપશે. એટલે બહેનના વિકાસથી થતી શરૂઆત ગામના વિકાસ સુધી વિસ્તરશે. જૂનાં જૂથોના અનુભવો ઉપરથી નવાં જૂથોને ઘણું શીખવા મળ્યું હતું.

### ખ. ઉજાસ મહિલા બચત અને ધિરાણ સહકારી મંડળીની સ્વતંત્ર એકમ તરીકેની ઓળખ

- ઉજાસની વાર્ષિક સાધારણ સભા આયોજિત કરવામાં

## કૈલાસબહેન જાદવે કરી મંડળથી પંચાયત સુધીની સંઘર્ષભરી સફળ યાત્રા

હું રહું છું વેડચ ગામમાં. મારા કુટુંબમાં મારા પતિ, એક દીકરો અને બે દીકરીઓ છે. હું દસમા ધોરણ સુધી ભણી છું. ૧૯ વર્ષ પહેલાં મારા લગ્ન થયાં. લગ્નના બે જ મહિનામાં અમને કુટુંબમાંથી અલગ કરી દેવામાં આવ્યા. તેથી અમે મારા નણંદના ઘરે, મારા પિયરમાં એમ જુદી-જુદી જગ્યાએ રહેવા લાગ્યા. ત્યારે અમારી આર્થિક સ્થિતિ ખૂબ જ નબળી હતી. જોકે, મારા કાકા-સસરાના દીકરા અને અમારા મોટાભાઈ અમારી મદદે આવ્યા. તેમણે અમને તેમની જગ્યામાં રહેવા માટે ઝૂંપડા જેવું જૂનું મકાન આપ્યું. તેમાં હું, મારા પતિ અને સાસુ રહેવા લાગ્યા.

અમારી ધીરજની કસોટી થતી હોય તેમ ચોમાસાના તોફાની વરસાદે અમારું ઝૂંપડું તોડી નાખ્યું. તે પછી અમે ઘેર-ઘેર ભટક્યા. છેવટે અમે માટીનું ઘર ઊભું કર્યું અને ભાડાની જગ્યામાં નાનકડી દુકાન કરી. હું અને મારાં સાસુ દુકાન પણ ચલાવતાં અને બીડીનાં પાન કોચવાનો વધારાનો વ્યવસાય પણ કરતાં, ધીરે-ધીરે ઘરમાં આવક શરૂ થઈ. એ દરમ્યાન મારે દીકરી જન્મી એટલે ખર્ચા વધ્યા. દુકાન માંડ સારી ચાલતી હતી ત્યાં જગ્યાના માલિકે તે જગ્યા પાછી લઈ લીધી. પરિણામે, દુકાન બંધ થઈ ને અમારી સ્થિતિ કપરી બની. બીજે જગ્યા મળી એટલે અમે ત્યાં દુકાન કરી ને તેમાં કટલરી, શાકભાજી જેવી ઘણી-બધી વસ્તુઓ વેચવાનું શરૂ કર્યું. તેમાંથી અમને ખૂબ સારી આવક થવા લાગી. તે દરમ્યાન મારે ત્યાં એક દીકરી અને એક દીકરો જન્મ્યાં.

કુદરતને જાણે મારી ખુશીઓ મંજૂર ન હોય તેમ મારી તબિયત બગડી. મારા માથાની નળીઓ સૂકાવા લાગી. તેથી મને દવાખાનામાં દાખલ કરવી પડી. એટલું ઓછું હોય તેમ, મને બે-બે વાર હાર્ટ ઍટેક આવ્યા. તેમાં ત્રણ લાખ રૂપિયા વપરાઈ ગયા. અમારી પરિસ્થિતિ ફરીવાર બગડી તેમ છતાં, હું હિંમત ના હારી. મારે મારાં બાળકોને ભણાવવાનાં હતાં. 'આતાપી'ના



*કાર્યકરો મને મહિલા મંડળમાં જોડાવાનું કહેતા હતા, પણ હું જોડાઈ નહીં. કાર્યકરો મિટિંગમાં જે માહિતી આપતા એ હું ધ્યાનથી સાંભળતી. મિટિંગમાં થતી ચર્ચાઓમાંથી પ્રેરણા મેળવીને મેં એક મંડળ બનાવવાનો વિચાર કર્યો. તે બાબતે મેં મારી સખીઓને વાત કરી અને 'જય યોગેશ્વર સ્વસહાય જૂથ' બનાવ્યું. આમ, હું 'આતાપી' સાથે જોડાઈ. જોડાયા પછી મને નવું નવું જાણવા-શીખવા મળ્યું. 'આતાપી' દ્વારા યોજાતી મિટિંગોમાં જવાની મારા પતિ મને ના પાડતા. હું જ્યારે મંડળની મિટિંગ માટે જતી ત્યારે, ગામના કેટલાક લોકો પણ કહેતા કે, 'પંદર હજાર પગારવાળા મેડમ ચાલ્યા.' જોકે, મેં મારા પતિને વિશ્વાસ અપાવ્યો તે પછી તેમણે મને મિટિંગમાં જવાની છૂટ આપી.*

*મિટિંગમાં ભાગ લેતી થઈ એટલે મને પણ સમાજસેવાનું કામ કરવાની ઇચ્છા થઈ. હું લોકોને આધાર કાર્ડ, વૃદ્ધ પેન્શન, વિધવા સહાય, સંકટ મોચન યોજના, રેશનકાર્ડ કઢાવવાના ફોર્મ વગેરેની મદદ કરવા લાગી. લોકોને પંચાયતને લગતાં કામોમાં પણ મદદ કરવા લાગી. ગામની શાળાની 'શાળા વ્યવસ્થાપન સમિતિ' (એસએમસી)માં પણ હું અધ્યક્ષ સ્થાને રહી ચૂકી છું અને અત્યારે સભ્ય તરીકે કામ કરું છું. ઉપરાંત, શાળામાં સ્વચ્છતા અને શિક્ષણને લગતાં બીજાં કામો પણ કરું છું.*

*મારાં કાર્યોને કારણે ઘર, પરિવાર અને સમાજમાં મારું માન વધવા લાગ્યું. 'આતાપી'ના માર્ગદર્શનથી લોકસેવાનાં કામો કરતી રહું છું. થોડા વખત પહેલાં સ્વચ્છતા અભિયાન હેઠળ 'લેબર નેટ' નામની સંસ્થા મારફતે સ્વચ્છતા અંગે જાગૃતિનાં કામો કરવાની તક મળી. તેમાં મને રોજગારી પણ મળી.*

*'આતાપી'માં જોડાયા પછી મારામાં આવડત અને સમજ ઊભી થઈ, એટલે મને પંચાયતમાં ચૂંટાઈને લોકસેવા કરવાનો વિચાર આવ્યો. તેથી મેં ગ્રામ પંચાયતની ચૂંટણીમાં વૉર્ડ-સભ્ય તરીકે ચૂંટણી લડવાનું નક્કી કર્યું. જોકે, મારા પતિએ શરૂઆતમાં તો મને સાથ આપવાની ના પાડી દીધી. હું હતાશ થઈ, પણ હિંમત ના હારી. હું મારા પતિને રોજ વાત કરતી, સમજાવતી. છેવટે એક દિવસે તેઓ માની ગયા અને મને એક રૂપિયાની પણ મદદ ન કરવાની શરત સાથે તેમણે મને ચૂંટણીમાં ઊભા રહેવાની હા પાડી. તેથી ઘરમાં બધા ખુશ થયા. ઉમેદવારીનું ફોર્મ ભરવાના બધા દસ્તાવેજો તૈયાર કરીને હું એકલી જંબુસર તાલુકા પંચાયતની કચેરીએ ફોર્મ ભરવા ગઈ. ત્યાં મને ટેકો આપનારની જરૂર હતી, ત્યારે મારા કાકાના દીકરાએ મને ટેકો આપ્યો. હું ફોર્મ ભરીને આવી એટલે મારા વિરોધ પક્ષના લોકોએ મારી પર દબાણ ઊભું કરવાનો પ્રયત્ન કર્યો. મારી સામે મારા પરિવારના એક સભ્ય અને બીજા ત્રણ લોકોએ ફોર્મ ભર્યા હતા અને મને હરાવવાના ખૂબ પ્રયત્નો થયા, પણ છેવટે મારી હિંમતની જીત થઈ. લોકોએ મારામાં વિશ્વાસ રાખી મને જીતાડી. 'આતાપી'સાથે જોડાઈને મારામાં આગેવાની કરવાની હિંમત આવી છે. 'આતાપી' હવે મારા જેવી બહેનોને પંચાયતની તાલીમ આપે એવું ઇચ્છું છું, જેથી હું પંચાયતને લગતા નીતિ-નિયમો વિશે વધારે જાણકારી મેળવીને પંચાયત મારફતે વિકાસનાં કામો કરી લોકોને મદદરૂપ થઈ શકું.*

આવી હતી, જેમાં ૧૫ ગામોનાં ૯૧૦ બહેનો અને ૨૦૦ ભાઈઓ સામેલ થયાં હતાં. સાથે મહિલા દિનની ઉજવણી પણ કરવામાં આવી હતી. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન અને સંચાલન આગેવાન બહેનો અને ભાઈઓએ સંભાળ્યું હતું. એ દિવસે વડોદરા ખાતે રેલી કાઢવામાં આવી હતી.

- ઉજાસનું આંતરિક, બાહ્ય અને સરકારી ઑડિટ કરવામાં આવ્યું હતું.
- ૬૩ જૂથનું ગ્રેડિંગ કરવામાં આવ્યું હતું. ૩૯ જૂથને એ ગ્રેડ, ૧૭ જૂથને બી ગ્રેડ અને ૭ જૂથને સી ગ્રેડ મળ્યા હતા.
- ૧૩ જૂથોનું આત્મા રજિસ્ટ્રેશન કરાવવામાં આવ્યું, જેમાં ૧૯૫ બહેનોનું જોડાણ કરવામાં આવ્યું.

**ગ. પારંપરિક આજીવિકાનાં સાધનોનું મજબૂતીકરણ**

- ચાર ગામોની મહિલા દૂધ-મંડળીઓની વાર્ષિક સાધારણ સભા આયોજિત કરવામાં આવી હતી, જેમાં ૨૬૨ સભાસદો હાજર રહ્યા હતા.
- પશુપાલન તાલીમ અંગેની જાગૃતિ મિટિંગ કરવામાં આવી હતી. તેના પછી છ ગામોમાં પાંચ દિવસીય પશુપાલન તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ તાલીમમાં ૩૩૧ સભ્યો સામેલ થયા હતા.
- મહિલા દૂધ-ડેરીની કારોબારીની તાલીમ કરવામાં આવી હતી, જેમાં કારોબારીની જવાબદારી અને ભૂમિકા અંગે ચર્ચા કરવામાં આવી હતી.
- સાત ગામની વીસ બહેનોને કમ્પ્યુટર તાલીમ આપવામાં આવી હતી.

- જમીનના સેમ્પલ લેવા, એફપીઓ, આત્મા, પીઓપી તથા ફાર્મર ક્લબમાં જોડાણ જેવી પ્રક્રિયાઓ હાથ ધરવામાં આવી હતી.
- બૅંક તથા ઉજાસ સાથે નાણાકીય જોડાણ કરવામાં આવ્યું હતું, જેથી બહેનો લોન જેવા લાભ મેળવી શકે. ઉજાસમાંથી આ વર્ષે ૭૨૧ બહેનોએ વિવિધ જરૂરિયાતોને પૂરી કરવા રૂપિયા ૮૪,૦૬,૨૦૦ની લોન લીધી છે.
- સુગતિ ઉત્પાદક મંડળમાં જરૂરિયાતમંદ વિધવા-બહેનોનું જોડાણ કરવામાં આવ્યું.

**ઘ. આગેવાન બહેનો દ્વારા વિકાસ માટેનાં જાગૃતિ કાર્યો**

- ૧૫૬ જેટલી દિવ્યાંગ વ્યક્તિઓનું, ડૉક્ટરી સર્ટિફિકેટ કૅમ્પમાં જોડાણ કરવામાં આવ્યું.
- ૧૪૦ જેટલાં એકલ બહેનોનું વિવિધ કાર્યક્રમમાં જોડાણ કરવામાં આવ્યું.
- ૪૬ આગેવાન બહેનોએ ગામવિકાસનાં અલગ-અલગ કામોમાં ભાગીદારી લીધી.
- ૫૦ જેટલાં આગેવાન બહેનોએ ગ્રામ પંચાયતનાં કામમાં જવાબદારી લઈને કામ કરાવ્યાં.
- ૨૮ જેટલાં આગેવાન બહેનોએ શાળાને લગતાં કામોમાં ભાગીદારી લીધી.
- યોજનાકીય જોડાણ ઝુંબેશમાં આગેવાન બહેનોએ જવાબદારી લીધી અને ભાગીદારી દાખવી.

**ચ. અધિકારો અને મળવાપાત્ર સવલતો સાથે જોડાણ (ખાસ કરીને વૃદ્ધ અને એકલ બહેનો માટે)**

- બાવન જેટલી બહેનોની વ્યક્તિગત મુલાકાત લઈને તેમને વિવિધ લાભો અપાવવામાં આવ્યા.
- ૧૨૦ એકલ બહેનોનું સ્વસહાય જૂથોમાં જોડાણ કરવામાં આવ્યું.
- ૨૩ બહેનોનું રૂપિયા ૪,૩૨,૦૫૦ વિધવા પેન્શન મંજૂર કરાવવામાં આવ્યું.
- ૨૦ જેટલાં ભાઈઓ-બહેનોનું રૂપિયા ૫૯,૫૦૦ નિરાધાર વૃદ્ધ પેન્શન મંજૂર કરાવવામાં આવ્યું.
- ચાર બહેનોની વારસાઈની પ્રક્રિયા પૂર્ણ કરાવવામાં આવી.

**છ. નેતૃત્વ સશકિતકરણ**

- ૧૩૭ આગેવાનોને ચાર તાલીમો આપવામાં આવી હતી, જેમાં આદર્શ મંડળ કોને કહેવાય, આગેવાનની ભૂમિકા અને ગુણ, બચતને બહેનોના વિકાસનું માધ્યમ કઈ રીતે બનાવવું જેવા મુદ્દા આવરી લેવામાં આવ્યા હતા. ઉપરાંત, ૧૯૪ આગેવાનોને હિસાબી તાલીમ પણ આપવામાં આવી હતી.
- ત્રણ ગામોનાં જૂથોની બાવન બહેનોને ‘ઉજાસ મહિલા બચત ધિરાણ ગ્રામીણ સહકારી મંડળી લિ.’નો પ્રેરણા-પ્રવાસ કરાવવામાં આવ્યો હતો. ઉજાસની કારોબારીએ ઉજાસની સમગ્ર પ્રક્રિયા સમજાવી હતી.
- ૭૯ જેટલી બહેનોને ક્રેડિટ અવેરનેસ કૅમ્પમાં આવરી લેવામાં આવી હતી. ધિરાણ વિશેની નાનામાં નાની માહિતી આ કૅમ્પમાં આપવામાં આવી હતી.
- આગેવાનીના વિકાસ માટે વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી હતી. વ્યવસ્થાપક પેટા સમિતિનાં ૧૨ આગેવાન બહેનોએ બે તાલીમ લીધી હતી, જેમાં પ્રમુખ, મંત્રી અને સભ્યોની ભૂમિકા અને જવાબદારી, મંડળીનાં કેવાં અને કયાં રજિસ્ટર્સ હોય વગેરે માહિતી આપવામાં આવી હતી.
- ઉજાસની કારોબારી સાથે બે તાલીમ કરવામાં આવી હતી, જેમાં આગેવાનના ગુણો, નિર્ણયશક્તિ, વાટાઘાટ કેવી રીતે





## શ્રેષ્ઠ ખેડૂતનું બહુમાન મેળવનાર રતનબહેન પઢિયાર



*રતનબહેન રમેશભાઈ પઢિયાર, જંબુસર તાલુકાના પીલુદરા ગામમાં રહે છે. તેઓ દસમા ધોરણ સુધી ભણ્યાં છે. તેઓ છેલ્લાં નવ વર્ષથી 'આતાપી સેવા ફાઉન્ડેશન' દ્વારા ચાલતા સ્વ-સહાય જૂથમાં જોડાયાં છે. હાલમાં તેઓ જૂથનાં મંત્રી છે. તેમના મંડળની કુલ બચત એક લાખ રૂપિયા છે. 'આતાપી' દ્વારા યોજાતી જુદી-જુદી તાલીમોમાં ભાગ લઈને તેઓ ઘણું શીખ્યાં છે.*

*'આતાપી'માંથી પશુપાલનની તાલીમ લઈને તેમણે તેમનાં ચાર પશુઓની ખૂબ સારી રીતે માવજત કરી. પશુપાલનથી તેમની આવક વધી. વળી, તેમણે 'ખેતી વિકાસ કાર્યક્રમ' હેઠળ 'આત્મા પ્રોજેક્ટ'માં પોતાના જૂથનું રજિસ્ટ્રેશન કરાવ્યું. તેમાંથી તેમને કીચનગાર્ડન કીટ મળી અને કમ્પોસ્ટ ખાતર બનાવવાની માહિતી મળી. તે માહિતીનો તેમણે તેમના ખેતરમાં સરસ રીતે અમલ કર્યો. ત્યારબાદ 'આત્મા પ્રોજેક્ટ'માંથી તેમને ડાંગરનું બિયારણ આપવામાં આવ્યું. પ્રોજેક્ટમાંથી તેઓ જે પદ્ધતિ શીખ્યા હતા તે પ્રમાણે જ તેમણે ડાંગરનું વાવેતર કર્યું અને જુદી જુદી ટેકનિકો અપનાવી. પરિણામે, તેમના ખેતરમાં ખૂબ સારો પાક ઉતર્યો. એટલું જ નહીં, પણ તેમને 'આત્મા પ્રોજેક્ટ'માંથી 'બેસ્ટ ફાર્મર ઍવૉર્ડ' મળ્યો અને ઍવૉર્ડની રકમ રૂપે તેમને રૂ. ૨૫,૦૦૦ આપવામાં આવ્યા. તે પછી રતનબહેનના સ્વ-સહાય જૂથને પણ રૂ. ૨૦,૦૦૦નો 'બેસ્ટ જૂથ ઍવૉર્ડ' મળ્યો, કારણ કે જૂથની બધી બહેનોએ ઘરના વાડામાં બિયારણ વાવીને શાકભાજી ઉગાડીને તેનો ઘરમાં ઉપયોગ કર્યો હતો. જૂથને મળેલી ઍવૉર્ડની રકમ તેઓ હવે જૂથની બહેનોને ધિરાણ આપવામાં કરવા માંગે છે. આદર્શ ખેતી અને કાળજીભર્યાં પશુપાલનથી રતનબહેનની આગવી ઓળખ ઊભી થઈ છે.*

કરવી જેવા મુદ્દાઓ આવરી લેવામાં આવ્યા હતા. વડોદરા ખાતે યોજાયેલી એક અન્ય તાલીમમાં કારોબારીની સંચાલન પદ્ધતિઓ, હિસાબોનું મોનિટરિંગ, બિઝનેસ પ્લાન અને તેનું વિશ્લેષણ, ઑડિટ જેવા મુદ્દાઓ વિશે સમજ આપવામાં આવી હતી.

- રાજસ્થાન ખાતે કાર્યરત 'સૃજન' સંસ્થાનો પ્રેરણા-પ્રવાસ પણ કરવામાં આવ્યો હતો. તેમાં એ સંસ્થાની કામગીરી અને અનુભવોની સમજ ફિલ્ડ-મુલાકાત દ્વારા લીધી હતી.
- જૂનાં વીસ જૂથોનાં આગેવાન બહેનોની એક દિવસીય તાલીમ રાખવામાં આવી હતી. તેમાં કામગીરીમાં આવતી મુશ્કેલીઓ સમજવી અને તેનું નિરાકરણ, આગેવાની દરમ્યાન વાણી અને વર્તનમાં કેવી કાળજી રાખવી, સભાસદોની જવાબદારી જેવા મુદ્દાની વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી.
- એ જ જૂથોના મંત્રીઓ સાથે રૅકોર્ડ કીપિંગ તાલીમ પણ કરવામાં આવી હતી.
- ૩૪ બહેનો સાથે અગરબત્તી માટે નીડ બેઝ્‌ડ સ્કિલ ટ્રેનિંગ આયોજિત કરવામાં આવી હતી.
- પેરાલિગલ જૂથો સાથે ચાર તાલીમો કરવામાં આવી, જેમાં વિવિધ કાયદાઓની સાથે ન્યાયતંત્ર અને પોલીસતંત્રની સમજ આપવામાં આવી. ૨૭ બહેનોને અરજી કેવી રીતે લખવી જેવી નાની પણ અગત્યની વાત સમજાવવામાં આવી.

આ વર્ષે નવાં બહેનો અને નવાં જૂથોની સામેલગીરીથી એક નવી ઊર્જા અને તાકાત ઉમેરાયાં છે.



# કડવા લીમડાની લીંબોળી, બહેનોની આજીવિકાનો મોટો સ્રોત બની

'ધ ટ્રી ઑફ લાઇફ'ના નામે ઓળખાતો લીમડો, ભરૂચ જિલ્લાના જંબુસર તાલુકાનાં બહેનોની આજીવિકાના સ્રોત તરીકે અડગ ઊભો રહ્યો છે. લીંબોળી એકત્રીકરણ દ્વારા બહેનોએ પોતાનાં અને બીજાં અનેક કુટુંબો માટે આજીવિકા રળવાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે. 'આતાપી' માને છે કે, મહિલા સશક્તિકરણમાં નાણાકીય સધ્ધરતા અને સમાવેશ એ પાયાની બાબત છે. આ પાયાને મજબૂત કરવા માટે 'આતાપી' દ્વારા જુદા-જુદા પ્રયત્નો થાય છે. આવા જ એક પ્રયાસના ભાગરૂપે 'આતાપી'એ 'ઉજાસ બચત-ધિરાણ ગ્રાહક સહકારી મંડળી લિ.' સ્થાપીને સ્થાનિક ૧૭૦૦ બહેનોની નાણાકીય જરૂરિયાતનો મુદ્દો હાથ ધર્યો છે. સ્વ-સહાય જૂથો અને સંગઠનના માધ્યમથી બહેનોમાં પારદર્શિતા, નાણાકીય શિસ્ત અને જોખમો ખેડવાની હિંમત આવી છે. વળી, બહેનો નાણાકીય આયોજન કરતી થઈ છે, આગેવાની લેતી થઈ છે અને તેમનામાં વિકાસની તકો ઝડપવાની હિંમત આવી છે. બહેનોને આવી જ એક તક 'જીએનએફસી' દ્વારા મળી. તેમાં ઘરઆંગણે ઊભેલા લીમડામાંથી ખરતી લીંબોળી એકઠી કરીને 'જીએનએફસી'ને વેચવાનું કામ હતું. આ લીંબોળીનો ઉપયોગ નીમ કોટેડ યુરિયામાં કરવામાં આવે છે.



જોકે, વર્ષ ૨૦૧૫માં આખા જિલ્લામાં વેડચ ગામનાં માત્ર એક બહેન જમનાબહેન દલપતભાઈ જાદવે લીંબોળી એકત્રીકરણની ઉત્તમ કામગીરી કરી. ત્યારપછી જ્યારે વર્ષ ૨૦૧૬માં 'જીએનએફસી' દ્વારા ફરી વાર આ કામગીરી કરવાનો પ્રસ્તાવ આવ્યો. ત્યારે આ પ્રસ્તાવને સ્વીકારીને વેડચ, પીલુદરા, કારેલી, સારોદ અને ઉબેર ગામની ૧૦ બહેનોએ આ કામની આગેવાની લીધી. તે માટે આયોજન, નાણાની વ્યવસ્થા, જરૂરી ટેકો, 'જીએનએફસી' સાથે સતત વાટાઘાટો વગેરેની જવાબદારી બહેનોએ સંભાળી. નોંધપાત્ર વાત તો એ છે કે, ખેતમજૂરીનું કામ મળતું નહોતું તેવા એ સમયગાળામાં ૧૦૦થી વધારે બહેનોને સરેરાશ ૨૦ દિવસની પૂરક રોજગારી મળી. કુલ ૯૧.૭૩૨ મેટ્રિક ટન લીંબોળીનું એકત્રીકરણ થયું. વળી, ૧૦ બહેનો ઉદ્યોગ-સાહસિક તરીકે ઉભરી આવી અને તેમણે ૪૦૦૦થી લઈને ૨,૦૦,૦૦૦ રૂપિયા સુધીનું રોકાણ કર્યું. એટલું જ નહીં, પણ માલનું ગ્રેડિંગ તથા ગુણવત્તાની ચકાસણી, લીંબોળી સંગ્રહ કરવાની જગ્યા, નફા-નુકસાનની ગણતરી વગેરેની જવાબદારી બહેનોએ ઉપાડી અને નફો પણ રળ્યો.

લીંબોળી એકત્રીકરણની આ કામગીરીની નાની તકને બહેનોએ પોતાના પરિશ્રમ અને સૂઝથી મોટા લાભમાં પરિવર્તિત કરી. તેથી ટીવી સમાચારના માધ્યમથી માત્ર ઘર-પરિવાર જ નહીં, પણ અનેક ગામોની અસંખ્ય બહેનો માટે આ બહેનો પ્રેરણાનો સ્રોત બની. જોકે, આ કામગીરી દરમ્યાન બહેનોને અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો. લીલી લીંબોળી બગડે નહીં તે માટે તેના વ્યવસ્થિત સંગ્રહ માટે મકાન ભાડે રાખવું પડ્યું. લીંબોળીમાંથી ધૂળ, કાંકરા, કચરો સાફ કરવાની મજૂરી જાતે જ કરવી પડી. સાધનોની અછતનો પણ સામનો કરવો પડ્યો. પરંતુ, પરિશ્રમનાં ફળ મીઠાં એ ન્યાયે બહેનોને ખૂબ નામના મળી, ધંધો કેવી રીતે કરી શકાય તેની સમજ વિકસી તેમ જ પોતે રોજગારી મેળવી અને બીજા અનેક લોકોને રોજગારી આપી.

આગામી વર્ષના આયોજન માટે હવે આ બહેનો પોતાની 'ઉજાસ બચત-ધિરાણ મંડળી'માં વધુ બચત કરવા કટિબદ્ધ બની છે. ખેતી, દૂધની આવક, નોકરીના પગારની આવક વગેરેમાંથી બચત કરવાનું બહેનોએ નક્કી કર્યું છે.

## ઉદ્યોગ-સાહસિક બહેનોનાં નામ અને લીંબોળી એકત્રીકરણની વિગત

| ક્રમ | ગામ | નામ | કેટલા કિલો લીંબોળી કલેક્શન (ટનમાં) | કેટલા સભ્યો જોડાયા | કેટલા રૂપિયાએ ખરીદી | કેટલા રૂપિયા ખર્ચ થયો | કેટલા રૂપિયા નફો થયો | શરૂ અને બંધ તારીખ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | વેડચ | જમનાબહેન દલપતભાઈ જાદવ | ૪૯.૫૦૮ | ૧૦૦ | ૨,૨૦,૬૧૨ | ૪૩,૭૪૫ | ૧,૩૦,૦૦૦ | ૨૦/૬/૧૬થી ૧૪/૭/૧૬ |
| ૨. | પીલુદરા | સીતાબહેન બળવંતભાઈ પઢિયાર | ૧૭.૩૮૪ | ૪૮૦ | ૬૮,૦૦૦ | ૩,૦૦૦ | ૫૯,૯૫૦ | ૧૪/૬/૧૦થી ૨૯/૬/૧૬ |
| ૩. | વેડચ | મંજુલાબહેન પ્રતાપભાઈ જાદવ | ૮.૪૩૯ | ૪૦૦ | ૪૦,૦૦૦ | ૩,૦૦૦ | ૩,૫૦૦ | ૧૫ દિવસ |
| ૪. | વેડચ | નીરૂબહેન યોગેન્દ્રભાઈ જાદવ | ૮.૩૭૩ | ૫૦ | ૩૫,૦૦૦ | ૨,૫૦૦ | ૧,૬૦૦ | ૧૫ દિવસ |
| ૫. | પીલુદરા | જનકબહેન રાજેશભાઈ પઢિયાર | ૨.૩૩૬ | ૧૯૫ | ૯,૩૦૮ | ૫૯૦ | ૫,૬૦૨ | ૧૭/૦૬/૧૬થી ૧/૭/૧૬ |
| ૬. | ઊબેર | ચંપાબહેન દેસાઈભાઈ વાઘેલા | ૨.૫૦ | ૪૦ | ૨૫,૦૦૦ | ૩,૫૦૦ | ૪,૦૦૦ | ૧૪ દિવસ |
| ૭. | વેડચ | સજનબહેન અંબાલાલ જાદવ | ૪.૪૬૧ | ૯૦ | ૧૬,૦૦૦ | ૩,૨૦૦ | ૮,૩૦૦ | ૯ દિવસ |
| ૮. | સારોદ | કમળાબહેન ઈશ્વરભાઈ | ૧.૧૬૫ | ૭૦ | ૩૨,૦૦૦ | ૨,૧૦૦ | ૧૫,૫૦૦ | ૧૩ દિવસ |
| ૯. | કારેલી | સારાબહેન અયુબભાઈ કડીવાલા | ૦.૮૩૧ | ૧૦ | ૩,૮૦૦ | ૫૦૦ | ૧,૮૦૦ | ૩ દિવસ |
| ૧૦. | પીલુદરા | વિલાસબહેન સતિષભાઈ પરમાર | ૦.૪૦૦ | ૨૭ | ૪,૦૦૦ | ૩૩૨ | ૧,૫૦૦ | ૩ દિવસ |

# ૩.

# વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓનું સશક્તિકરણ

**હેતુઃ** વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ સ્વમાનભેર જીવન જીવી શકે તે માટે શારીરિક, આર્થિક, સામાજિક, શૈક્ષણિક અને કાયદાકીય પરિસ્થિતિમાં બદલાવ લાવવા માટે તેમનું સશક્તિકરણ કરવું.

આ હેતુને અનુરૂપ આખા વર્ષ દરમ્યાન વિવિધ કામગીરી હાથ ધરવામાં આવીઃ

- સંસ્થાના કાર્યવિસ્તાર એવા જંબુસર તાલુકાનાં ૨૦ ગામો અને 'વિકલાંગતા પરિવર્તન સંગઠન' (વીપીએસ)નાં ૧૫ ગામો મળીને કુલ ૩૫ ગામોમાં બેઝલાઈન સર્વે કરીને માહિતી અપડેટ કરવામાં આવી.
- વિકલાંગતા ધરાવતા વ્યક્તિઓનો ઇન્ડિવિઝ્યુલ ડેવલપમેન્ટ પ્લાન (આઈડીપી) બનાવીને આગળનું આયોજન કરવામાં આવ્યું, સાથે એમઆઈએસ વિકસાવવાની કામગીરી પણ કરવામાં આવી.
- ગામના સરપંચ અને આગેવાનો સાથે મુલાકાત કરીને 'આતાપી'નો પરિચય આપવામાં આવ્યો અને આ કામગીરીનો હેતુ સમજાવવામાં આવ્યો. પરિણામે, તેમનો સરસ સહકાર મળી રહ્યો. દરેક ગામમાં વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓના ઘરે આગેવાનોને સાથે રાખીને ફોર્મ ભરવામાં આવ્યાં. એ ગામના સરપંચ, શાળા અને આગેવાનો સાથે નવા સંબંધો ઊભા થયા.
- કુલ ૩૩ ગામોનાં ૧૦૫૨ ફોર્મની ડેટા એન્ટ્રી પણ વિકલાંગતા ધરાવતી એક વ્યક્તિ પાસે કરાવી. તેમાં ૩૧૮ બહેનો અને ૭૩૫ ભાઈઓની વિગત ભરવામાં આવી હતી.
- આ તમામ કામગીરી માટે અગાઉ પ્રેક્ટિકલ તાલીમ કરવામાં આવી. તેમાં ફોર્મ કેવી રીતે ભરવું, માહિતી લેતી વખતે શું શું ધ્યાનમાં રાખવું વગેરે બાબતોને આવરી લેવામાં





આવી. આઈડીપીના આધારે કામગીરી કઈ રીતે આગળ વધારી શકાય એની તાલીમ પણ આયોજિત કરવામાં આવી હતી.

- વિકલાંગતા ધરાવતા ૧૦૫ જેટલા લોકોનાં આર્થિક પુનર્વસન માટે સ્વરોજગારી અને કૌશલ્યવર્ધન તાલીમો દ્વારા આવકના સ્રોત ઊભા કરવામાં આવ્યા. તેમાં પશુપાલન, કમ્પ્યુટર, ઉદ્યોગ સાહસિકતા, પ્લાસ્ટિક વેસ્ટમાંથી બેસ્ટ જેવી વિવિધ તાલીમો આપવામાં આવી.


એવા ખેડૂતો પણ છે, જેઓ વિકલાંગતા ધરાવે છે અને ખેતી કરે છે. તેમની વ્યક્તિગત મુલાકાતથી એ માહિતી લેવામાં આવી કે એ લોકો અત્યારે કઈ પદ્ધતિથી ખેતી કરે છે. ત્યારબાદ તેમને ખેતસુધારણા કાર્યક્રમમાં જોડવામાં આવ્યા. તે અંતર્ગત, તેઓ ખેડૂત ગ્રુપ અને લર્નિંગ ગ્રુપમાં પણ સામેલ થયા. ૫૦ બહેનો અને ૧૫૦ ભાઈઓ એમ કુલ ૨૦૦ ખેડૂતોએ વૈજ્ઞાનિક ખેતી પદ્ધતિ, ટેકનોલૉજીની માહિતી સાથે પ્રેક્ટિકલ ખેત-મુલાકાત પણ લીધી. આ બધાને લીધે તેમનો ખેતીનો ખર્ચ ઘટ્યો.

- ખેતી સાથે જોડાયેલો વ્યવસાય છે પશુપાલન. એ માટે ૩૫ ગામોના ૩૫ વિકલાંગતા ધરાવતા પશુપાલકો પાસેથી પ્રાથમિક માહિતી લઈને દીપક ફાઉન્ડેશન-બરોડા સાથે પશુપાલન તાલીમ ગોઠવવામાં આવી. તેમાં પશુ-માવજત, પશુ-ખોરાક, પશુ-આરોગ્ય જેવા મુદ્દાઓની વિગતવાર

## કહાનવા ગામની ભૂમિકાનું શારીરિક પુનર્વસન કરાવ્યું



*મારું નામ ભાઈલાલભાઈ રામસંગભાઈ પરમાર છે. હું કહાનવા ગામમાં રહું છું. મારી દીકરી ભૂમિકા પાંચમા ધોરણમાં ભણે છે. ભૂમિકા ૧૨ મહિનાની હતી ત્યારે તેના પગમાં અમને કંઈક ખામી જણાઈ. તે તેના હાથથી કોઈ પણ વસ્તુ પકડી શકતી નહોતી. તેથી અમે બધા ચિંતામાં પડી ગયા હતા. કોઈ અમને કહેતું કે, માતાજીની બાધા રાખવાથી મટી જશે. જો કે, અમે વડોદરાના એક દવાખાનામાં બતાવ્યું તો ત્યાંથી અમને કહેવાયું કે, ઑપરેશન કરવું પડશે અને તેનો ૯૦,૦૦૦ રૂપિયા ખર્ચ થશે. અમારા ઘરની પરિસ્થિતિ નબળી હોવાથી આટલો બધો ખર્ચ અમે કરી શકીએ તેમ નહોતા.*



*'આતાપી' સંસ્થા દ્વારા સર્વે કરવામાં આવ્યો ત્યારે મને ખબર પડી કે મારી દીકરી વિકલાંગ છે. 'આતાપી'ના માર્ગદર્શન મુજબ અમે જંબુસરમાં ડૉક્ટર પાસે વિકલાંગતાનું સર્ટિફિકેટ કઢાવ્યું. તેમાંથી જાણવા મળ્યું કે, મારી દીકરીને ૪૦ ટકા અસ્થિ-વિષયક વિકલાંગતા છે. 'આતાપી'એ બસ-પાસ અને સાઈકલ માટે ભરૂચમાં સમાજ સુરક્ષાની ઑફિસ સાથે સંકલન કરી આપ્યું. ઉપરાંત, મારી દીકરીને ભણવા માટે સ્કોલરશિપ પણ અપાવી. ભૂમિકા તેની શાળામાંથી ખેલ મહાકુંભમાં ભરૂચ અને અમદાવાદ સુધી રમવા ગઈ હતી. ત્યાંથી તેને ઇનામ પણ મળ્યું હતું. સમય જતાં 'આતાપી' સાથે વધારે સંપર્કમાં આવ્યા. સંસ્થાના કાર્યકરો અમારી વાત ખૂબ ધ્યાનપૂર્વક સાંભળીને અમને મદદ કરવા કાયમ તૈયાર રહેતા.*

*'આતાપી'ના કાર્યકરોના કહેવાથી અમે વડોદરાની હૉસ્પિટલમાં ભૂમિકાને બતાવવા માટે લઈ ગયા. હૉસ્પિટલમાંથી ઑપરેશન કરાવવાનું કહ્યું. ત્યારે સંસ્થાએ ઑપરેશનના કુલ ખર્ચમાંથી ૫૦ ટકા ખર્ચ આપવાની તૈયારી બતાવી. સંસ્થાએ ડૉક્ટર સાથે અમારી મિટિંગ કરાવી, અમારા મનમાં ઑપરેશન બાબતે જે ડર હતો તે દૂર કર્યો. ઑપરેશન દરમ્યાન અમારા રહેવા-જમવાની બધી જ સગવડ 'આતાપી' સંસ્થાએ કરી આપી. ઑપરેશન થયા પછી અમે ભૂમિકાને કસરત કરાવવા વડોદરા લઈ જતાં. ભૂમિકા હવે ચાલી શકે છે અને તેના હાથેથી વસ્તુઓ પકડી શકે છે. ઘરના કામમાં પણ તે મદદરૂપ થાય છે.*





અલગ-અલગ માધ્યમોથી ચર્ચા કરવામાં આવી. તાલીમનો ઉપયોગ પોતાનાં કામમાં કરીને સહભાગીઓએ દૂધમાં ૪૦૦ ગ્રામ જેટલો વધારો નોંધ્યો છે. એટલે આદર્શ પશુપાલનની સાથે તેને એક વ્યવસાય તરીકે કઈ રીતે વિકસાવી શકાય એ આ તાલીમ દ્વારા શીખવા મળ્યું.

- નાના ધંધા કરતા ઉદ્યોગ-સાહસિકોના ધંધાનું મજબૂતીકરણ થાય એ માટે વિવિધ તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. વિકલાંગતા ધરાવતા ૧૭ જેટલા સહભાગીઓ આ તાલીમમાં જોડાયા હતા. તાલીમ પહેલાં તેમની પ્રાથમિક માહિતી લેવામાં આવી હતી. સાથ ચેરિટેબલ ટ્રસ્ટ-અમદાવાદ દ્વારા આપવામાં આવેલી આ તાલીમમાં સહભાગીઓએ ધંધો અને નોકરી એ બેનો તફાવત સમજ્યો હતો. ધંધાનું આયોજન કેવી રીતે કરવું એની પણ ખૂબ જ વિગતવાર સમજ આપવામાં આવી હતી. ધંધો શરૂ કરતા પહેલાં શું શું ધ્યાન રાખવું એની વાત પણ કરી હતી. આ પગલાં ધ્યાનમાં રાખવાથી ધંધાની શરૂઆત વ્યવસ્થિત રીતે થાય તો એને સફળ થતાં કોઈ રોકી શકે નહીં.
- વિકલાંગતા ધરાવતા સભ્યો માટે વીશી ગ્રુપ નામની એક પ્રવૃત્તિ શરૂ કરવામાં આવી છે. જેમાં ૧૫-૨૦ લોકો, એક જૂથ બનાવીને બચતની રકમ નક્કી કરે છે. ત્યારબાદ મહિનાની એક નિશ્ચિત કરેલી તારીખે તમામ સભ્યોની કુલ બચત એકઠી કરવામાં આવે છે. જેટલા સભ્યો હોય તેમનાં નામની ચિઠ્ઠી બનાવવામાં આવે છે. કોઈ એક સભ્ય એમાંથી એક ચિઠ્ઠી ઉપાડે છે. એમાં જેનું નામ હોય એને વીશીની બધી રકમ મળે. આ પદ્ધતિથી એકસાથે ઘણી રકમ મળે છે, જેનું કોઈ પ્રકારનું વ્યાજ ચૂકવવું પડતું નથી.
- વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ કોઈને કોઈ કૌશલ્ય કેળવીને આવક ઉભી કરી શકે એ માટે વિવિધ તાલીમોનું આયોજન કરવામાં આવ્યું, જેમાં કુલ ૬૪ વ્યક્તિઓએ લાભ લીધો. પ્લાસ્ટિક વેસ્ટમાંથી બેસ્ટ અને રોકાણ વિનાનો ધંધો કેવી રીતે કરી શકાય એની તાલીમ આપવામાં આવી. બીજી તાલીમ, બેઝિક કમ્પ્યુટરની આપવામાં આવી.
- વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓની રોજગાર કચેરીમાં નોંધણી કરાવવામાં આવી. તેઓને કોલ-લેટર આવવા છતાં, નોકરીનું સ્થળ દૂર હોવાથી તેઓ ત્યાં જઈ શકે એમ નહોતા, એટલે આજુબાજુની કંપનીઓ માટે બાયોડેટા તૈયાર કરી આપવામાં આવ્યા.
- વિકલાંગતા ધરાવતાં બાળકોને રાહત રહે અને શારીરિક પુનઃવર્સન થાય તે માટે, તેમના વાલીઓ સાથે સતત મિટિંગ કરવામાં આવી. પછી ડૉક્ટર સાથે પણ વાલીઓની મિટિંગ કરાવવામાં આવી. ઑપરેશન માટેનો ડર અને આર્થિક મુશ્કેલી બેય પ્રશ્નોના ઉપાય કરવામાં આવ્યા. એટલું જ નહીં, ઑપરેશન બાદ સતત ફૉલો-અપ પણ કર્યું. આજે એ બાળકો વિકલાંગતામાં રાહત મેળવી શક્યાં છે, પોતાનું કામ જાતે કરી શકે છે, રમત રમી શકે છે અને આખો પરિવાર ખૂબ ખુશખુશાલ છે.
- વીપીએસ(વિકલાંગતા પરિવર્તન સંગઠન - જંબુસર)નાં ૧૪ ગામના ૭૦ નેતાઓ સાથે ક્ષમતાવર્ધનની પ્રક્રિયા કરવામાં આવી. વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓમાં એક લીડર તરીકે શું હોવું જોઈએ તેમ જ 'કોઈ વસ્તુ અશક્ય નથી' (યસ આઈ કેન) દ્વારા વિકલાંગ વ્યક્તિઓમાં રહેલી શક્તિઓને બહાર કાઢવા માટે આગેવાનીની તાલીમ આપવામાં આવી.

## નાનકડો વ્યવસાય કરીને બાળકોનું ભણતર બચાવતાં સમીમબાનુ

*કહાનવા ગામનાં સમીમબાનુ પરિણિત મહિલા છે અને તેમને અસ્થિ-વિષયક વિકલાંગતા છે. તેમના પતિ બિન-વિકલાંગ છે. તેમના પરિવારમાં બે દીકરા અને બે દીકરીઓ છે. તેમના પતિ ઘરનું ગુજરાન ચલાવવા માટે ફેરી કરીને લસણ, મરચા અને મસાલાનો વેપાર કરે છે સમીમબાનુની વિકલાંગતાને કારણે તેમના પતિ તેમને કોઈ પણ વેપાર-ધંધો કરવા દેતા નહોતા. તેથી બાળકોને ભણાવવાનું અને બીજા ખર્ચને પહોંચી વળવાનું તેમના પરિવાર માટે પડકારજનક હતું.*

*તેઓ 'આતાપી' સંસ્થાના પરિચયમાં આવ્યા. 'આતાપી'એ તેમને બસનો પાસ કઢાવી આપ્યો. 'આતાપી'એ તેમના ગામના વિકલાંગતા ધરાવતા લોકોનો સર્વે કર્યો. ત્યારપછી ગામની વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ સાથે મિટિંગ યોજાતી. 'આતાપી'એ અનેક મુશ્કેલીઓનો સામનો કરી રહેલા વિકલાંગતા ધરાવતા લોકોની એક વિડિયો ફિલ્મ બનાવી. તેમાં સમીમબાનુ વિશેની વાત પણ હતી. વિડિયોમાં તેમની વાતને સ્થાન મળ્યું તેથી સમીમબાનુમાં ખૂબ હિંમત આવી.*

*'આતાપી'માં જોડાયા પછી તેમને બહાર નીકળવાની તક મળી. તેમાં તેમના પતિએ પણ ખૂબ સહકાર આપ્યો. 'આતાપી' દ્વારા યોજાયેલી લીડરશિપ, સિલાઈકામ, ઉદ્યોગ સાહસિકતા વગેરેની તાલીમોમાં સહભાગી થઈને તેમનું વ્યક્તિત્વ નિખર્યું. તેમને પ્રેરણા-પ્રવાસમાં અમદાવાદના 'અંધ જન મંડળ'ની મુલાકાતે લઈ જવામાં આવ્યાં. આ પ્રવાસમાંથી તેમને ખૂબ પ્રેરણા મળી. આ પ્રેરણા-પ્રવાસ પછી તેમણે જીવનમાં કંઈક નવું કરવાનું નક્કી કર્યું. પરિણામે, તેમણે રોજગારી મેળવવા માટે તેમની ગ્રામ પંચાયત પાસે જગ્યાની માગણી કરી. ગ્રામ પંચાયતે તેમને ગામની ભાગોળે તળાવની પાળે જગ્યા ફાળવી. ત્યાં તેમણે લસણ, મસાલા, પ્લાસ્ટિકની ચીજવસ્તુઓનો ધંધો શરૂ કર્યો. શરૂઆતમાં તેમને ખૂબ તકલીફ પડતી, પણ 'આતાપી'એ આપેલી ઉદ્યોગ-સાહસિકતાની તાલીમ તેમને ઉપયોગી નીવડી. તાલીમમાં મેળવેલી શીખના આધારે તેમણે ધંધાનાં રજિસ્ટરો જાળવ્યાં અને આવક-જાવકની વ્યવસ્થિત ગણતરી કરી. તેમને તેમના આ નાનકડા વ્યવસાયમાંથી રોજના ૧૦૦થી ૧૫૦ રૂપિયા મળવા લાગ્યા. તેમની આ કમાણીનો ઉપયોગ તેમણે તેમનાં બાળકોનાં શિક્ષણ માટે કર્યો.*

*આજે ઘર અને સમાજમાં તેમનું માન વધ્યું છે. આજે તેઓ કહાનવા ગામના વિકલાંગતા ધરાવતા લોકોને આગેવાની પૂરી પાડતાં થયાં છે.*

- વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ સાથે ૧૫ ક્લસ્ટર મિટિંગો કરવામાં આવી. તેમાં ૨૨૩ જેટલા લોકો જોડાયા હતા. એ જ રીતે વીપીએસ કમિટીની પણ ૧૫ મિટિંગ કરવામાં આવી હતી. તેમાં ૨૦૮ જેટલા લોકો જોડાયા હતા. આ મિટિંગોમાં વિકલાંગોના પ્રશ્નો અને તેના ઉકેલ, વિવિધ યોજનાઓની માહિતી અને તેના માટેનું જોડાણ, બસની મુસાફરી માટેના પાસ વગેરે બાબતોની ચર્ચા કરવામાં આવી.
- વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને સરળતાથી માહિતી મળી રહે એ માટે ત્રણ ગામોમાં માહિતી કેન્દ્રો ઊભાં કરવામાં આવ્યાં. તેમાં વિકલાંગતા ધરાવતા આગેવાનોએ મહત્ત્વની ભૂમિકા ભજવી. યોજનાકીય માહિતી મળી રહે, આવકના દાખલાના ફોર્મની નકલ વગેરે સરળતાથી મળી શકે એ હેતુ સાથે શરૂ થયેલાં આ માહિતી કેન્દ્રોનો આજુબાજુનાં ગામોના વિકલાંગ લોકો પણ ઉપયોગ કરતા થયા છે. ત્રણેય કેન્દ્રોમાં ૧૫૦ જેટલા લોકો લાભ લઈ ચૂક્યા છે.
- વિકલાંગતા ધરાવતા લોકોને વિવિધ યોજનાકીય લાભો મેળવવા માટે ઘણાં બધાં ડૉક્ટરી સર્ટિફિકેટ સાથે જોડવાના હોય છે. વિકલાંગતા પરિવર્તન સંગઠન-જંબુસર દ્વારા આ માટેની માહિતી આપવાના કૅમ્પસ યોજવામાં આવ્યા હતા. તેનો ૨૮૦ જેટલા લોકોએ લાભ લીધો હતો. વીપીએસ દ્વારા સાધન-સહાય માટે પણ જોડાણ કરવામાં આવ્યું છે, જેનાથી વ્હીલચેર, ટ્રાઇસિકલ, સિલાઈ મશીન જેવાં સાધનો, વિકલાંગતા ધરાવતા ૧૦૫ જેટલા લોકોને મળી શક્યા છે, જેને લીધે તેમને હલનચલન કરવામાં અને રોજગારી મેળવવામાં સરળતા રહે છે.
- બે ગામોમાં સરકારી અને બિનસરકારી ઑફિસોનું

સોશિયલ ઑડિટ કરવામાં આવ્યું. આ બધી ઑફિસો વિકલાંગ વ્યક્તિઓ માટે કેટલી અવરોધમુક્ત છે તેની ચકાસણી કરવામાં આવી. તેમાં વિકલાંગતા ધરાવતાં ભાઈઓ-બહેનો, સરપંચશ્રી, ગામના આગેવાનો અને શાળાના આચાર્ય ખૂબ જ રસપૂર્વક જોડાયા હતા.

- વિકલાંગતા ધરાવતાં બહેનોની પરિસ્થિતિ જાણવા માટે એક અભ્યાસ હાથ ધરવામાં આવ્યો હતો. ૫૦ બહેનો સાથે ફોકસ ગ્રુપ ડિસ્કશન અને વ્યક્તિગત મુલાકાત દ્વારા માહિતી મેળવવામાં આવી હતી. બહેનોની સામાજિક, હક્ક આધારિત, આરોગ્ય અને શાળામાં અભ્યાસ કરતી બહેનોની પરિસ્થિતિ સમજવા માટે વિવિધ ટુલ્સનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.
- વિકલાંગતા ધરાવતી બહેનો, સ્વાસ્થ્ય માટેની જાગૃતિ કેળવે એ માટે ૨૮ જેટલી બહેનોની મુલાકાત લેવામાં આવી હતી. જંબુસર રૅફરલ હૉસ્પિટલ ખાતે આરોગ્ય-જાગૃતિ શિબિર ગોઠવવામાં આવી હતી. તેમાં બહેનોનાં એચબી, ડાયાબિટિસ જેવા ચેકઅપ કરવામાં આવ્યાં હતાં. એ ટેસ્ટના રિપોર્ટ મુજબ જરૂર હોય તો આગળ ડૉક્ટર સાથે પણ સંકલન કરવામાં આવ્યું હતું.

**મુખ્ય પડકારો:**

- બેઝલાઈન સર્વેમાં બહેનોનાં આરોગ્ય માટેની માહિતી મેળવવામાં.
- વીપીએસનું નાણાકીય માળખું અને સિસ્ટમ મજબૂત કરવામાં.
- કંપનીમાં જોબ માટેનું સંકલન કરવામાં.
- રોજગાર કચેરીમાં નોંધણી માટે.
- આગેવાનોની તાલીમ ગોઠવવાનો અને તેના આધારે આગેવાનો તૈયાર કરવાનો.
- ટેકનોલૉજીનો ઉપયોગ કરવામાં.
- કૅમ્પના સફળ આયોજનમાં.
- વિકલાંગતા ધરાવતા લોકો સાથે નવાં ગામોમાં સંપર્ક ઊભા કરવામાં.

**મુખ્ય શીખ:**

- આગેવાનો જવાબદારીપૂર્વક કામ કરતાં થાય તે માટે આયોજન અને અમલીકરણ.
- સ્થાનિક અને બાહ્ય જોડાણ દ્વારા હક્ક આધારિત જોડાણ કઈ રીતે કરવાં.
- ઍડવોકસીની પૂર્વતૈયારી અને તે કઈ રીતે કરવી.
- સરકારી અને બિનસરકારી અધિકારીઓને સાથે રાખીને કામગીરી કઈ રીતે કરવી.
- ગામમાં વિવિધ સ્થળો અવરોધમુક્ત કઈ રીતે બને.
- આઈડીપી તૈયાર કરવા.
- બહેનોનાં પ્રશ્નો અને પરિસ્થિતિ સમજવા માટે અભ્યાસ કઈ રીતે કરવો અને તેના ટુલ્સ કઈ રીતે ડેવલપ કરવાં.
- આયોજન નક્કી હોય તો તેના ટાર્ગેટના મોડમાં કામગીરી કરવાથી પરિણામ મળે જ છે.

વિકલાંગતા ધરાવતા લોકો સાથે આ વર્ષે ઘણી વૈવિધ્યપૂર્ણ કામગીરી થઈ. તેમને મળતા અધિકારો, હક્ક અને તેના માટેનાં જરૂરી જોડાણો થયાં. માહિતી કૅમ્પસ થયા. રોજગાર ઊભા થયા. ખાસ તો ગામનાં સ્થળોમાંથી કેટલાં સ્થળો અવરોધમુક્ત છે એ જાણવામાં ગામના લોકો જોડાયા, જેને લીધે વિકલાંગતા ધરાવતા લોકો માટે લોકોમાં સંવેદનશીલતા ઊભી થઈ.

# ૪.

# સૌ માટે સર્વસમાવેશક અને ગુણવત્તાયુક્ત શિક્ષણ

**હેતુ:** વેડચ, ગજેરા અને કહાનવા ગામોના હાંસિયામાં જીવતાં સમુદાયનાં બાળકો અને કિશોરીઓ માટે લેખન, વાચન અને ગણનનું કૌશલ્ય વધે એ માટે સમાવેશકારી અને ગુણવત્તાયુક્ત શિક્ષણ.

- ગજેરા ગામની પ્રાથમિક શાળામાં સમર કૅમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. એક મહિના માટે આયોજિત કરવામાં આવેલા આ કૅમ્પમાં ૨૫ બાળકો આવતાં હતાં. કૅમ્પમાં પ્રવૃત્તિમય રીતે શિક્ષણ આપવાની પહેલ કરવામાં આવી હતી.
- તેજસ્વી ક્લાસ અંતર્ગત હાંસિયામાં જીવતા સમુદાયનાં બાળકો અને કિશોરીઓ માટે વર્ગ ચાલુ કરવામાં આવ્યા. તે જ રીતે કહાનવા ગામમાં વિકલાંગ બાળકો માટે તેજસ્વી વર્ગ શરૂ કરવામાં આવ્યો. આ તમામ વર્ગોનું ધામધૂમથી ઉદઘાટન કરવામાં આવ્યું.
- આ જ ક્લાસને વધુ પ્રોત્સાહન મળે એ માટે બાળમેળાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ૮૦ જેટલાં બાળકો હાજર રહ્યાં હતાં. બાળમેળામાં આનંદદાયી અને પ્રવૃત્તિમય શિક્ષણ બાબતે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. બાળકોને વિવિધ રમતો રમાડવામાં આવી હતી.
- વેડચ અને કહાનવા ખાતે પતંગોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. તેમાં બાળકોને મજા પડે એ રીતે આ ઉત્સવની માહિતી આપવામાં આવી હતી. ૫૫ જેટલાં બાળકોએ પતંગ ચગાવીને ચીકી લાડુની મોજ પણ માણી.
- જે. એમ. શાહ કૉલેજના નિવૃત્ત પ્રોફેસર ત્રિવેદી સાહેબે જંબુસર અને અન્ય ગામોના ઇતિહાસ ઉપરાંત, વિવિધ સમુદાયો અંગેનાં સંશોધન પુસ્તકો લખ્યાં છે. આ વખતે









તેઓએ દેવીપૂજક સમાજ વિશે અભ્યાસ કર્યો હતો. એ સમાજમાં શિક્ષણનું પ્રમાણ વધે એ માટે તેમણે ખૂબ ઉપયોગી સૂચનો કર્યાં હતાં.

- ગજેરાના તેજસ્વી વર્ગની ૧૮ કિશોરીઓ માટે દાંતની સારવાર માટેનો કૅમ્પ આયોજિત કરવામાં આવ્યો હતો. તેમાં દાંતની તપાસ અને જરૂરી સારવાર પૂરાં પાડવામાં આવ્યાં હતાં.
- ગજેરા ગામમાં કિશોરીઓ માટે એક મહિનાના મહેંદી ક્લાસ શરૂ કરવામાં આવ્યા છે.
- કાર્યવિસ્તારનાં ત્રણેય ગામોમાં વાલી મિટિંગ કરવામાં આવી હતી, જેમાં માતાપિતા બંનેએ હાજરી આપી હતી. ૭૦ જેટલાં બાળકોની હોમ વિઝિટ કરવામાં આવી હતી, જેમાં બાળકોને વર્ગમાં લાવવા માટેના વિવિધ રસ્તાઓ વિચારવામાં આવ્યા હતા.
- દોસ્ત-બહેનો માટે 'સહજ' દ્વારા તાલીમ અને રિવ્યુ મિટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું.
- બાળકો અને કિશોરીઓ માટે ખાસ અલગ સત્રો લેવામાં આવ્યાં હતાં. ઉપરાંત, પ્રિ-મૅરેજ કાર્યશાળા પણ આયોજિત કરવામાં આવી હતી.
- 'સહજ' અને 'આતાપી' સાથે શિક્ષણ કાર્યક્રમની રિવ્યુ મિટિંગ રાખવામાં આવી હતી. તેમાં ત્રણેય ગામોના તેજસ્વી વર્ગોના પ્રશ્નો, અનુભવો, સમસ્યાઓ વગેરે ઉપર વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. સંસ્થાઓ તરફથી પ્રતિક્રિયા અને સૂચનો આપવામાં આવ્યાં હતાં.
- માનવ વિકાસ અને સંસાધન કેન્દ્ર - જનવિકાસ અમદાવાદ ખાતે જનવિકાસના કાર્યકરો માટે એક તાલીમ રાખવામાં આવી હતી, જેમાં શાળામાં થતા ભેદભાવ અને તેના ઉપાયો અંગે શિક્ષણના અધિકાર અંતર્ગત ચર્ચા કરવામાં આવી હતી.
- ગજેરા ગામનાં ૨૬, વેડચ ગામનાં ૨૪ અને કહાનવા ગામનાં ૩૦ બાળકોનાં સામાન્ય લેખન, વાચન અને ગણન અભિવ્યક્તિની ચકાસણી કરવામાં આવી હતી.
- દેથલી ગામ ખાતે ગૂજરાત વિદ્યાપીઠ સંચાલિત શારદાબા આશ્રમશાળામાં ગજેરા ગામનાં પાંચ બાળકોને પ્રવેશ અપાવવામાં આવ્યો. આ શાળામાં ગાંધીવાદી વિચારધારાથી શિક્ષણ આપવામાં આવે છે.
- શાળા વ્યવસ્થાપન સમિતિના ૧૮ સભ્યોની તાલીમ 'આતાપી' દ્વારા કરવામાં આવી, જેમાં શિક્ષણનો અધિકાર અધિનિયમ ૨૦૦૯ અને શાળા વ્યવસ્થાપન સમિતિની ભૂમિકા અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.
- 'બાપુના ટપાલી' નામનો કાર્યક્રમ બાપુના આદર્શો અને આપણા મૂળભૂત અધિકારો, ફરજો, બાળ અધિકારો, શાંતિ, નાગરિકત્વ વગેરે વિષયો ઉપર જાગૃતિ ફેલાવવાનો છે. તે કાર્યક્રમ અંતર્ગત નૂતન વિદ્યાલય, ગજેરા ખાતે પિરામલ લિ. અને નૂતન વિદ્યાલયનાં બાળકો દ્વારા સ્ત્રી-સશક્તિકરણ, બાળમજૂરી, શિક્ષણનો અધિકાર, પ્રદૂષણ અને ભ્રષ્ટાચારમુક્ત ભારત જેવા વિષયો ઉપર નાટક, વૉલ પેઈન્ટિંગ અને ચિત્રોના માધ્યમથી જાગૃતિ ફેલાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

**મુખ્ય પડકારો**

- વાલીઓના સહકારનો અભાવ એ સહુથી મોટો પડકાર રહ્યો હતો. ખાસ તો કિશોરીઓના અને વિકલાંગતા ધરાવતાં બાળકોનાં વાલીઓમાં જાગૃતિનો અભાવ છે.
- રોજગારી માટે વાલીઓ સ્થળાંતર કરે તેની બાળકોનાં શિક્ષણ ઉપર ખરાબ અસર પડે છે.
- વાલીઓ પોતે નિરક્ષર છે એટલે શિક્ષણ અંગે જાગૃતિ અને માહિતીનો અભાવ જોવા મળે છે.
- છોકરીઓ ઉપર ઘરની જવાબદારી હોવાથી વર્ગમાં આવતી નથી.
- બાળલગ્ન, બાળમજૂરી જેવાં દૂષણની છોકરીઓનાં શિક્ષણ ઉપર બહુ ગંભીર અસર પડે છે.
- વિકલાંગતા ધરાવતાં બાળકો માટે જરૂરી સાધનો અને માર્ગદર્શનનો અભાવ.
- તેજસ્વી ક્લાસ માટે જગ્યાનો અભાવ.

**મુખ્ય શીખ**

- સુયોજિત રીતે કાર્યક્રમનું સંચાલન કરવું.
- સરકારી શૈક્ષણિક સંસ્થાઓ સાથે સંબંધ વિકસાવવા.
- શૈક્ષણિક સ્ટાફનું ક્ષમતાવર્ધન થાય.
- વ્યક્તિત્વ વિકાસ થવો જોઈએ.

સમાજમાં જાગૃતિ ફેલાવવા માટે શિક્ષણ જેવું અસરકારક માધ્યમ બીજું કોઈ નથી. ઘણા સમાજોમાં પેઢીઓ નથી ભણી, પણ હવેની નવી પેઢી ભણે છે અને ભણતરનું મહત્ત્વ સમજે છે એ જ એક મોટી સફળતા છે.



# ૫.

## સહભાગી ગ્રામીણ મૂલ્યાંકન

અત્યંત વંચિત સમુદાયોની આરોગ્ય, શિક્ષણ, આજીવિકા અને પાણીની સ્થિતિ અંગેની સમજ કેળવવા ૯ ગામોમાં સહભાગી ગ્રામીણ મૂલ્યાંકન (પીઆરએ)નું આયોજન કરવામાં આવ્યું.

'આતાપી' જંબુસર તાલુકામાં છેલ્લાં આઠ વર્ષથી કામગીરી કરે છે, જેમાં જંબુસર તાલુકાનાં ૪, પછી ૧૫ અને પછી ૩૦ ગામોમાં કાર્યોનું વિસ્તરણ કર્યું છે. આગળના વર્ષમાં કામગીરી માટેની રણનીતિ તૈયાર કરવા માટે અને ૪૫ ગામોનું વિસ્તરણ કરવામાં પીઆરએ કરવાની જરૂર પડી. જૂના ગામોમાં 'આતાપી' આવ્યા પછી ગ્રામ વિકાસમાં થયેલા પરિવર્તન અંગે જાણવા અને તે માટેના અવરોધરૂપ કારણો, સમસ્યાઓ, લોકોની પરિસ્થિતિ, ગામના પ્રશ્નો, જરૂરિયાતો, રહેણીકરણી વગેરેની જાણકારી મેળવવા અને તેના માટેના ઉપાયો વિશે સમજ કેળવવા માટે પીઆરએ કરવાની જરૂર પડી. જેમાં ઉચ્છલ, નોબાર, નોંધણા, કનગામ, સામોજ, પીલુદરા, જાફરપુરા, રામપુર અને કહાનવા ગામમાં પીઆરએ કરવામાં આવ્યો હતો. 'આતાપી' ટીમે જે-તે ગામના સરપંચ અથવા ગામના આગેવાનને સાથે રાખીને પીઆરએની પ્રક્રિયા કરી. પીઆરએની પ્રક્રિયામાં જ પાદચલન, સહભાગી નકશો, જનરલ મિટિંગ અને દિનચર્યા તેમ જ ભાઈઓ, બહેનો, બાળકો સાથે જૂથચર્ચા, ઐતિહાસિક અવલોકન, છેવાડાના લોકોમાં એફજીડીનો ઉપયોગ વગેરે પદ્ધતિઓનો ઉપયોગ કરવામાં આવ્યો.

પીઆરએ દરમ્યાન આરોગ્ય સેવાઓ, બહેનો તથા બાળકોના આરોગ્યલક્ષી પ્રશ્નો, શિક્ષણ સેવાઓ અને ગુણવત્તાના મુદ્દાઓ બહાર આવ્યા છે. પીવાનાં, પિયતનાં અને ઘર વપરાશ માટેનાં પાણીના મુદ્દા તથા યુવાનોના આજીવિકા માટેના મુદ્દા બહાર આવ્યા.

# ૬.

## સંશોધન અને દસ્તાવેજીકરણ

વર્ષ દરમ્યાન અસરો અને હાલની પરિસ્થિતિઓની ઊંડાણપૂર્વકની સમજ કેળવવા માટે પુરાવા અધારિત સંશોધનો અને દસ્તાવેજો, પ્રમાણિત કાર્યકારી પદ્ધતિઓનો વિકાસ કરવા ઉપર ભાર મૂકવામાં આવ્યો.

**૧. આતાપીના ૨૦૦૯થી ૨૦૧૬ સુધીના મહિલા સશક્તિકરણ કાર્યક્રમો અને પ્રક્રિયાઓની અસરની આકારણી :**

સાત વર્ષના મહિલાઓ સાથેના સઘન કાર્ય પછી 'આતાપી'એ અત્યાર સુધી અનુસરવામાં આવેલી પ્રક્રિયાઓની સમીક્ષા, પ્રતિભાવો મેળવવાની તેમ જ મૂલ્યાંકન, પુનઃગઠન અને પુનઃ રચના કરવાની જરૂરિયાત અનુભવી. એમાં મહિલા લાભાર્થીઓ માટે અમલી કરવામાં આવેલા વિવિધ કાર્યક્રમો સહિતના પ્રયાસોની અસરોનો અભ્યાસ કરવાનો તથા તેના થકી સમુદાયો અને સાર્વત્રિક રીતે સમાજ પર તેની અસરોનો અભ્યાસનો સમાવેશ થતો હતો.

એવી ધારણા કરવામાં આવેલી કે આ અભ્યાસનાં પરિણામો માત્ર હાલના કાર્યક્રમના વિસ્તારોમાં જ માત્ર નહીં, પરંતુ જિલ્લામાંના નવા ભૌગોલિક વિસ્તારોમાં પણ વિસ્તારીકરણ

માટેની કેડી કંડારશે. તે ‘આતાપી’ને તેની કાર્યપદ્ધતિને પુન:અવલોકન કરી વધુ અસરકારક, સુસંગત અને ટકાઉ બનાવવામાં મદદ કરીને મહિલાઓના જીવનમાં અને તેના થકી સમાજમાં હકારાત્મક બદલાવ લાવશે. અભ્યાસમાં ‘આતાપી’ના પ્રયાસોની મહિલા-લાભાર્થીઓ પર સામાજિક-આર્થિક અને માનસિક અસરોનું મૂલ્યાંકન કરવામાં આવ્યું. વ્યક્તિગત ઇન્ટરવ્યૂ અને જૂથ ચર્ચાઓ થકી મળી આવેલાં તારણો વ્યક્તિગત સ્તરે - સાધનો અને તકોના વિશ્લેષણ, જૂથ સ્તરે - મહિલાઓનાં સશક્તિકરણ અને તેમની ચળવળની પ્રક્રિયાઓનાં પરિણામો, સમાજ (ગામ) સ્તરે - ગામના વિકાસમાં ભાઈઓનાં ચોક્કસ સૂચનો સાથે મહિલા સશક્તિકરણની અસરો તરફ દોરી ગયાં. સૌથી મહત્ત્વનું પરિણામ, આર્થિક સ્વરૂપમાં અને તેના લીધે માનસિક સ્તરે થયેલો મહિલાઓનો સંપૂર્ણ શક્તિવિકાસ હતો જેણે તેમની પરિસ્થિતિ, તેમના પરિવાર તેમ જ સમુદાય ઉપર પણ સકારાત્મક રીતે અસર કરી. આ સશક્તિકરણ કાર્યક્રમ થકી મહિલાઓ માટે માત્ર નિર્ણય લેવા અથવા પસંદગી આપવાથી પર જઈને તેમાં વિશ્વાસ, વિકાસ અને તેમના જીવનની ગુણવત્તામાં સંપૂર્ણ સુધારાનો પણ સમાવેશ થયો. આ માટે મુખ્ય ચાવીરૂપ દરેક ગામમાં મહિલાઓના સ્વસહાય જૂથો (મંડળો અને સંગઠનો) ની રચના અને ટકાઉપણાં હતાં. જ્યારે એકવાર આ મહિલા જૂથોને માહિતી આપી, શિક્ષણ આપીને સશક્ત કર્યા કે તરત જ તેમણે તેમની ભૂમિકાઓ ગામમાં સરળતાથી ભજવી, જેના પરિણામે તેમણે પોતાના પરિવારમાં માન અને હોદ્દો મેળવ્યા (વ્યક્તિગર સ્તરે). આ રીતે મહિલા સશક્તિકરણ એ મહિલાઓ માટે તેમના પરિવારોમાં વધુ મોટા હેતુઓ પ્રાપ્ત કરવા માટેનું એક માત્ર સાધન જ હતાં, પણ ચોક્કસપણે ખૂબ જ મહત્ત્વનાં સાધન.

- બધી જ મહિલાઓ (સભ્ય અને સભ્ય ન હોય તે પણ) દ્વારા કેટલીક સમસ્યાઓ જણાવવામાં આવી તે હતી ‘પાણી’, તેમને હજુ પણ ત્રણ દિવસે એકવાર પાણી મળે છે, અને પીવાનું પાણી ખારું - ક્ષારવાળું હોય છે. પુરુષોમાં દારૂની સમસ્યા, ઘરઆંગણે સારી આરોગ્ય સેવાઓ મેળવવી, ઘરમાં મદદ માટે જો કોઈ ઇચ્છે તો કપાસનાં ખેતરોમાં મજૂરી કરતા ખેતમજૂરોને તેઓ તેમની લોનની રકમ અથવા સ્વસહાય જૂથનો તેમનો માસિક ફાળો પણ ભરી શકશે કે નહિ તેની ખાતરી નથી. વયસ્કોને તેઓ ઘરે બેઠા કરી શકે તેવા કોઈ કામધંધા દા.ત. શાકભાજી ફોલવા. બજાર સાથેનું જોડાણ એક પડકાર છે. વિધવા, વૃદ્ધો તેમ જ અન્ય નબળા ભાઈઓ અને મહિલાઓ, ખાસ કરીને જેઓનો બીપીએલ યાદીમાં ઉલ્લેખ નથી તેમને પેન્શન એ એક બીજો પડકાર છે.

આમ, આ સંશોધને મહિલા સશક્તિકરણ કાર્યક્રમ માટે ફેરફારનો સિદ્ધાંત આપ્યો અને ‘આતાપી’ માટે તેના કાર્યક્રમને બીજા સ્તર સુધી લઈ જવાનો અવકાશ મળ્યો.

### ૨. વર્ષનો બીજો મહત્ત્વનો અભ્યાસ વિકલાંગ મહિલાઓની પરિસ્થિતિનો અભ્યાસ હતો

વિકલાંગ મહિલાઓની સામાજિક, આર્થિક, રાજકીય, આધ્યાત્મિક, શૈક્ષણિક અને આરોગ્યની સ્થિતિનો અભ્યાસ કરી આગળના કાર્યક્રમો વિશેના અભિગમ અને કાર્યપદ્ધતિ અંગે ભલામણ કરવી.

વિકલાંગ મહિલાઓ અત્યંત વંચિત જૂથોમાંથી એક છે. ભરૂચ જિલ્લામાં હાલમાં તેમની પરિસ્થિતિ વિશે કોઈ જ અભ્યાસ ઉપલબ્ધ નથી. ‘આતાપી’ની ટીમે તેના અત્યાર સુધીના પ્રયાસોમાં વિકલાંગ મહિલાઓ સાથે તેમના સમાવેશ માટે કોઈ સુયોજિત ચોક્કસ આયોજન વગર ‘જ્યાં જેવી જરૂરિયાત’ જણાઈ તે મુજબ જ કામકાજ કર્યું છે. અભ્યાસ કરવાથી જંબુસર તાલુકાનાં ૩૫ ગામોના વિકલાંગ મહિલાઓને સાંકળીને, તેમને સન્માનપૂર્વકનું જીવન જીવવામાં આવતા અવરોધો સમજવામાં, મહિલાઓ (વાર્તાલાપ થકી) ને હક આધારિત દૃષ્ટિકોણ સાથે તેમના જીવનને અલગ નજરથી જોવાનું શરૂ કરવાનો, વિકલાંગ મહિલાઓ માટેના હાલના અભિગમો અને કાર્યક્રમોની સમીક્ષા કરી, ‘આતાપી’ના સમાવેશક અભિગમનું પુન:અવલોકન કરી એક વિકાસ સંસ્થા તરીકે તેના કાર્યક્રમોને નવીન પથ પર લઈ જવા માટેનો અવકાશ ઊભો કર્યો. ૩૧ ગામોમાં ૩૨૬ વિકલાંગ મહિલાઓનો સર્વે, ૫૦ વિકલાંગ મહિલાઓ સાથે જૂથ ચર્ચા અને ૧૪ વિકલાંગ મહિલાઓ સાથેના આ ઇન્ટરવ્યૂ એ આ મહિલાઓના હક અને અધિકારો, આરોગ્ય, આજીવિકા, શિક્ષણ, પાણી અને શૌચાલયની સુવિધા વિશે અત્યંત સર્વગ્રાહી ચિતાર આપ્યો.

### ૩. દૂધ-મંડળી અંગે થયેલું સંશોધન

ટાટા ઇન્સ્ટિટ્યૂટ ઑફ સોશ્યલ સાયન્સિસ, હૈદરાબાદની એક ઇન્ટર્ન વિદ્યાર્થિનીએ જંબુસર વિસ્તારમાં રોજગારીની એક તક તરીકે ‘દૂધ-મંડળી’ વિશે એક નાનકડો અભ્યાસ હાથ ધર્યો હતો. તે વિદ્યાર્થિનીએ ત્રણ દૂધ-મંડળીઓને આવરી લઈને તેની હાલની સ્થિતિ અને હાલમાં મહિલાઓ જે પડકારોનો સામનો કરી રહી છે તે અંગે અભ્યાસ હાથ ધર્યો હતો.

# ૭

# ઔદ્યોગિક જોડાણ

'આતાપી'નું કેન્દ્રિય મૂલ્ય, વિસ્તારના મહત્તમ વિકાસ માટે સહયોગી માળખામાં કામ કરવાને સ્પષ્ટ કરે છે. તેથી જ 'આતાપી' એ તેના પ્રારંભથી જ વિવિધ હિતધારકો - સમુદાય, સરકાર, બિનસરકારી સંગઠનો, ઉદ્યોગો સાથે જોડાણ કરીને સુચારુ ભાગીદારીનું નિર્માણ કર્યું છે. બદલાતા બાહ્ય વાતાવરણ અને તળપદા વાસ્તવિકતાના આ વાતાવરણમાં વિસ્તારના સર્વાંગી વિકાસ માટે ઉદ્યોગો સાથે અર્થસભર, ટકાઉ જોડાણો કરવા એ સમયની તાતી જરૂરિયાત છે એ વાત સ્વીકારવી જ રહી.

રિપોર્ટિંગના સમયગાળામાં ટીએમએલ ઇન્ડસ્ટ્રીઝ લિ. સાથેના સંબંધોએ ટ્રાન્સપેક ઇન્ડસ્ટ્રી લિ. સાથે સહયોગી ભાગીદારી માટેનો અવકાશ ઊભો કર્યો. અસ્મિતા કાર્યક્રમ દ્વારા 'પીઆઈ ફાઉન્ડેશન' સાથેની ભાગીદારીથી એકંદર પંદર ગામોમાં કાર્યક્રમનું વિસ્તારીકરણ મજબૂત થયું. પીરામલ ગ્લાસ લિ. સાથેની ભાગીદારી અને તેમના સહયોગથી ગજેરામાં દેવીપૂજક સમુદાયના શાળાએ જતાં બાળકો અને કિશોરીઓ માટે શિક્ષણ માટેની પહેલ તેજસ્વી વર્ગ થકી શરૂ થઈ.

'આતાપી'એ આંતરિક રીતે સીએસઆર ભાગીદારી માટે અનુસરવાના તેના અભિગમ અને સિદ્ધાંતોમાં સ્પષ્ટતા મેળવી, જે મુખ્યત્વે સહ-સર્જન અને જોડાણો પર ભાર મૂકે છે.

**૨૦૧૭ - ૨૦૧૮ માટેનો પથ**

આ વર્ષ, ભૂતકાળના દ્રઢીકરણ માટે અને ભવિષ્યનો પથ તૈયાર કરવા માટે કરેલા પ્રયત્નોનો સુભગ સમન્વય હતો. સમુદાય આધારિત આગેવાનીનું મજબૂતીકરણ અને તેમની પંચાયતી રાજ સંસ્થાઓમાં સ્થાન પ્રાપ્તિ, સમુદાય આધારિત સંગઠનો/સંસ્થાઓની મૂલ્ય આધારિત વૃદ્ધિ માટે તીવ્ર ધ્યાન, 'આતાપી'ના કદના લીધે તેના પર આવેલા પડકારો અને શીખ, વ્યાપ, 'આતાપી'ના ટીએમએલ ઇન્ડસ્ટ્રીઝ લિ. સાથેના જોડાણમાં બદલાવ, બહુવિધ સીએસઆર ભાગીદારીનું મજબૂતીકરણ ણ આ બધાએ 'આતાપી'ને સંપન્ન કરવામાં ઘણો ફાળો આપ્યો.

અસરોના અભ્યાસમાંથી બહાર આવતા મુખ્ય મુદ્દાઓ, સહભાગી ગ્રામીણ મૂલ્યાંકન, આગેવાનો સાથેની મિટિંગો, બેઝલાઇન ડેટા આ બધું વિકાસ માટે વધુ સર્વગ્રાહી, સંકલિત, સમાવેશક અભિગમ અપનાવવાની જરૂરિયાતનો નિર્દેશ કરે છે. આમ 'આતાપી'એ ક્ષેત્ર આધારિત અભિગમને બદલીને સર્વગ્રાહી ગ્રામ વિકાસના અભિગમ સાથે આવવાની જરૂર છે. આજીવિકા, આરોગ્ય, શિક્ષણ અને પાણીના મુદ્દા જીવનના પાયાના સ્તંભ અને સંબંધિત મુખ્ય મુદ્દા તરીકે પ્રસ્થાપિત થયા છે. આવનારાં વર્ષોમાં અત્યંત વંચિતો સુધી પહોંચવું એ જ 'આતાપી'નું મુખ્ય સૂત્ર રહેશે.

**'આતાપી'નો વહીવટ :**
સંસ્થાના વિકાસ અને વૃદ્ધિ પ્રત્યે સમર્પિત એવું સ્વતંત્ર નિયામક મંડળ 'આતાપી' ધરાવે છે. 'આતાપી'નું નિયામક મંડળ સહયોગી-શિક્ષણને પ્રોત્સાહિત કરે છે તેમ જ તેના પ્રોત્સાહન માટેનું વાતાવરણ ઊભું કરવાની સુગમતા પણ આપે છે.

## 'આતાપી'નું ગવર્નિંગ બૉર્ડ


- **શ્રી ગગન શેઠી, ચેરપર્સન** — હ્યુમન એન્ડ ઈન્સ્ટિટ્યૂશન ડેવલપમેન્ટ ઍક્સપર્ટ, ડેવલપમેન્ટ ઍજ્યુકેટર, જેન્ડર ટ્રેઈનર
- **શ્રી તુષાર દયાળ, ડાયરેક્ટર** — બિઝનેસમેન, એનજીઓ મેનેજમેન્ટ, પ્રોફેશનલ કૉચ, ટ્રેઝરી મેનેજમેન્ટ એન્ડ ઑડિટ
- **શ્રી અરૂણા લાખાણી, ડાયરેક્ટર** — રૂરલ ડેવલપમેન્ટ, વીમેન ઍમ્પાવરમેન્ટ, લાઈવલીહૂડ, ડોનર રીલેશન્સ
- **શ્રી અમી શ્રોફ, ડાયરેક્ટર** — વીમેન એન્ડ લાઈવલીહૂડ, હૅન્ડીક્રાફ્ટ
- **શ્રી રમણિક પટેલ, ડાયરેક્ટર** — કૉર્પોરેટ મેનેજમેન્ટ, ઍડમિનિસ્ટ્રેશન, ગવર્નન્સ
- **શ્રી અર્ચના શ્રીવાસ્તવ** — ડેઝિગનેટેડ સીઈઓ

**'આતાપી'ના કર્મચારીઓ**
'આતાપી' પાસે સમુદાય, વિસ્તાર અને આગેવાનીના વિકાસ તરફ દોરી જતી વરિષ્ઠ વ્યવસ્થાપક ટીમની આગેવાનીમાં કામ કરતી યુવાન અને અનુભવી સભ્યોની ટીમ છે. ટીમની શક્તિ એ છે કે તેઓ ગ્રામીણ સમુદાયમાંથી આવે છે, સાથે સમાજકાર્યની ડિગ્રી ધરાવે છે, જે તેમને બદલાતા સંદર્ભમાં ગ્રામ વિકાસના ક્ષેત્રને સમજવા માટે સક્ષમ કરી શકે છે. સીઇઓ અર્ચના શ્રીવાસ્તવ આજીવન કોચ, સંસ્થાકીય વિકાસ અને વર્તણૂક વિજ્ઞાનના વ્યવસાયિક હોવા ઉપરાંત ૨૮ વર્ષનો ક્ષેત્રનો (ખાસ કરીને બાળકો, યુવાનો, મહિલાઓ, વિકલાંગો અને આફતમાં જીવિત રહેલા સાથે હક આધારિત કાર્યોનો) અનુભવ ધરાવે છે.

## Share holding Pattern of Aatapi as on 31/03/2017

| Sr . No | Share Holders | Share Holding Percentage (%) |
|---|---|---|
| 1. | TML Industries Ltd. | 10.00 |
| 2. | Directors, Promoters & Relatives | 52.50 |
| 3. | TML Employees | 28.80 |
| 4. | Aatapi Employees | 06.20 |
| 5. | Others | 02.50 |
| | **Total** | **100.00** |

## Share Holding Pattern of Aatapi Seva Foundation (Percentage)




## Sources of Fund Received between April 2015 to March 2017 (in Rupees)

| SOURCES OF FUND | Particulars | For the year ended 31 March, 2017 | For the year ended 31 March, 2016 |
|---|---|---|---|
| Donations / Grants | CSR GRANTS | 28,94,007 | 20,63,456 |
| | INSTITUTIONAL GRANTS | 24,97,817 | 14,43,400 |
| | INDIVIDUAL DONATIONS | 3,71,000 | 5,83,500 |
| | Sub Total | 57,62,824 | 40,90,356 |
| Corpus Donation | Others | 0 | 1,00,000 |
| | Sub Total | 0 | 41,90,356 |
| Other Income | Interest on Fixed Deposit | 1,63,050 | 106,082 |
| | Other Income | 19,738 | 9,787 |
| | Sub Total | 1,82,788 | 1,15,869 |
| | Grand Total | 59,45,612 | 43,06,225 |

**Total Expenses for F.Y. 16-17 & 15-16**





**Table showing The Bifurcation of Total Expenses for F.Y. 15-16 & 16-17**

| Sr. No. | Particulars | F.Y. 2016-17 | F.Y. 2015-16 |
|---|---|---|---|
| A. | Program wise Expenses | | |
| | 1. Empowerment of Persons with Disability | 10,06,495 | 8,56,280 |
| | 2. Women and Livelihood | 15,05,303 | 1,025,539 |
| | 3. Agricultural & Crop Improvement | 15,90,012 | 9,49,740 |
| | 4. Inclusive and Quality Education For All | 5,87,640 | 77,254 |
| B. | Administrative Expenses | 9,05,729 | 8,14,228 |
| C . | Capital Expenditure | 3,60,951 | 30,650 |
| | Total Applications of Fund ( A + B + C ) | 59,56,130 | 37,53,691 |

## Aatapi Seva Foundation - Financial Highlights as on 31.03.2017

| | Particulars | As at 31 March 17 (Rs.) | As at 31 March 16 (Rs.) |
|---|---|---|---|
| | LIABILITIES | | |
| 1. | Shareholders' Funds | | |
| | (a) Share Capital | 122,500 | 122,500 |
| | (b) Reserves and Surplus | 1,826,179 | 1,557,683 |
| | Sub Total | 1,948,679 | 1,680,183 |
| 2. | Current Liabilities | 687,941 | 1,069,731 |
| | Total | 2,636,620 | 2,749,914 |
| | ASSETS | | |
| 3. | Fixed Assets | 636,825 | 358,811 |
| 4. | Current Assets | | |
| | (a) Cash & Cash Equivalents | 1,966,978 | 2,335,388 |
| | (b) Other Current Assets | 32,817 | 55,715 |
| | Sub Total | 1,999,795 | 2,391,103 |
| | **Total** | **2,636,620** | **2,749,914** |

## 'આતાપી સેવા ફાઉન્ડેશન' અંગેની પ્રાથમિક માહિતી

| | |
|---|---|
| **નોંધણીની તારીખ** | ૧૦ નવેમ્બર ૨૦૦૯ |
| **સંસ્થાનો પ્રકાર** | બિન-નફાકારક કંપની |
| | કલમ-૨૫ હેઠળ લાઈસન્સ નં. આરડી/ ૨૫(૧) / એસટીએ/ ૮/ ૦૯/ ૬૧૩૦<br>તા. ૧૫ ઑક્ટોબર ૨૦૦૯<br>ઇન્કમ ટૅક્સ ઍક્ટ ૧૯૬૧ હેઠળ તા. ૨૬ ફેબ્રુઆરી, ૨૦૧૧ના રોજ ૧૨-એ<br>બીઆરડી/ એ એ-આઈ (મેઈન) / ૧૨એ/ ૮૬/૭૮૧/૨૦૦૯-૧૦, ઇન્કમ ટૅક્સ ઍક્ટ<br>PAN: AAICA1071G |
| **ટૅક્સ બેનિફિટ માટે માન્ય** | આતાપીને આપેલું દાન ઇન્કમ ટૅક્સ ઍક્ટ, ૧૯૬૧ના કલમ-૮૦ જી હેઠળ મુક્તિને પાત્ર છે. |
| **ગજેરાનું સરનામું** | આતાપી સેવા ફાઉન્ડેશન, લાલ બંગલો, ગાંધી દરવાજો, મુ. ગજેરા, તા. જંબુસર, જિ. ભરૂચ-૩૯૧૮૧૦ ફોન: ૦૨૬૪૪-૨૩૩૧૭૧ |
| **વડોદરાનું સરનામું** | ૩૦૧, બી ટાવર, અલકાપુરી આર્કેડ, આર.સી.દત્ત રોડ, વડોદરા-૩૯૦૦૦૭ |
| **ઇ-મેઈલ** | aatapi@aatapi.org |
| **વેબસાઈટ** | www.aatapi.org |

**આતાપી સેવા ફાઉન્ડેશન**
લાલ બંગલો, ગાંધી દરવાજા,
ભરૂચ ડિસ્ટ્રીક્ટ કોઓપરેટિવ બેન્ક પાછળ,
ગામ: ગજેરા, તા. જંબુસર,
જિ. ભરૂચ. પીન: ૩૯૧૮૧૦
ઇ-મેઈલ: aatapi09@gmail.com